3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૮

વર્ષ-૬ • અંક-૪૭ • સળંગ અંક - ૨૧૦૯ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

સૂર્યોદય - ૦૬.૫૮.૫૩
સંવત - ૨૦૮૧
ફાગણ સુદ-૦૩, રવિવાર
તા. ૦૨-૦૩-૨૦૨૫
સૂર્યાસ્ત - ૦૬.૪૨.૫૯




**મોટા આસંબીયા**ના **અ.સૌ. વનિતા રાજેશ સાવલા** (ઉ.વ. ૫૧) તા. ૨૮-૨-૨૦૨૫નાં ટુંકી માંદગીથી દેહ પરીવર્તન કરેલ છે. મમીબાઈ વેલજી ઘેલાના પૌત્રવધુ. સ્વ. મણીબેન આણંદજી સાવલાના પુત્રવધુ. રાજેશના ધર્મપત્ની. ભવ્ય અને વિધિના માતુશ્રી. સ્વ. જયેશ, કિશોર, નાના રતડીયાના દર્શના (લતા) જીગર (શૈલેષ)ના ભાભી. સંગીતાના જેઠાણી. કીંજલ, યશરાજના કાકી. નાગલપુરના હીરલ સ્મિત ગંગર, યશના મામી. વલસાડના પાલી પ્રેમા મનસુ ખારવીના સુપુત્રી. સ્વ. સુધીર, નવિન, સંતોષના બેન. સંગીતા, માલતીના નણંદ. મો.આસંબીયાના કાનજી ગેયડ, રવજી ગેયડના ભત્રીજાના પુત્રવધુ. બાડાના હરશી ભાણજી, વિરજી ભાણજીના ભાણેજી પુત્રવધુ. મો.આસંબીયા સ્વ. ધનજી વેલજી, રામાણીયાના લક્ષ્મીબાઈ ભવાનજી, પુનડીના વેજબાઈ લધુભાઈ પુનડીના પાનબાઈ પુનશી, નાગલપુરના લીલાવંતી દેવજી, નાગલપુરના નિર્મળા શાંતીલાલના ભત્રીજા વહુ. મો. લાયજાના કેસરબાઈ વેલજી હીરજીના દોહીત્રા વહુ. નાગલપુરના ખેતબાઈ જેઠાલાલ ગોગરી, મો. લાયજાના ભવાનજી, પ્રેમચંદના ભાણેજ વહુ. **પ્રાર્થના રાખેલ નથી.** એડ્રેસ : રાજેશ સાવલા, ૧/૧૧, એ.એમ.જૈન સ્ટેટ, ભાટીયા હોસ્પીટલની સામે, ગણેશ નિવાસની બાજુમાં, વિલેજ રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૮. રાજેશ સાવલા-૯૩૨૪૨૨૭૮૮૨, ભવ્ય સાવલા-૮૨૯૧૬૨૪૮૧૫.

4/1/1 -------- (1-1)



**બાડા** હાલે નાલા સોપારાના **જીતેન્દ્ર પ્રેમજી હરીયા** (ઉમર ૫૧ વર્ષ) હાર્ટ એટેકથી તા ૨૮-૨-૨૫ના અવસાન પામેલ છે. મુરીબાઈ પાસુના પૌત્ર. ભારતી પ્રેમજીના સુપુત્ર. અરૂણાના પતિ. રાજના પિતાશ્રી. ધર્મેન્દ્ર, મનોજના ભાઈ. સ્નેહલના જેઠ. હેતવીના મોટા બાપા. સ્વ. વિસનજી, સ્વ. લાલજી, આધોઈના કસ્તુરબેન હીરજીના ભત્રીજા. જ્યોતિ, અરવિંદ, નીતા, શૈલેષ, ગુણવંતી, પંકજ, સ્વ. અશ્વિન, રામાણીયાના નયના નવિન રાંભીયા, ડુમરાના નીલમ અમૃતલાલ નાગડાના કાકાઈ ભાઈ. ભુજપુરના લધુ આણંદના દોહીત્ર. જ્યોત્સના મણીલાલના ભાણેજ. મયુરના મામાઈ ભાઈ. આધોઈના વર્ષા મહેન્દ્ર, શીતલ જીતેન્દ્રના ફુઈઆઈ ભાઈ. જનાબાઈ સાહેબ રાવ બૈસાનેના જમાઈ. વનિતા ડો. કિરણ બાગલે, આરોહી અવિનાશ કાંબળે, સુરેખા સાગર ભાટે, પ્રતિભા, દિનેશ, સિધ્ધાર્થના બનેવી. વંદના, સિધ્ધીના ભાઈ તુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. બાર નવકાર ગણવા. એડ્રેસ : અરૂણા જીતેન્દ્ર હરીયા, હેમનગર સોસાયટી, એ-૩૦૧, આંબાવાડી-તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ.) પીન-૪૦૧૨૦૯. અરૂણા-૯૯૩૦૧૮૭૨૧૪, રાજ-૮૦૫૫૬૦૦૨૫૬, મનોજ-૯૮૨૦૩૪૧૯૨૮.

4/1/1 -------- (1-2)



**વડાલા**ના **દમયંતીબેન ચંદ્રકાંત સોની** (ઉં. ૭૨) તા. ૨૭-૨-૨૫ના અવસાન પામ્યા છે. ભાણબાઈ તેજશી લધાના પુત્રવધુ. ચંદ્રકાંતના ધર્મપત્ની. હિરેન, પરેન, નીલમ, દીપાના માતુશ્રી. હેમાલી, બુશરા, ભુજપુર નિલેશ મોણશી, બિદડા નિલેશ જાદવજીના સાસુ. ધ્રુવી, રોનકના દાદી. ફોરમ, ભવિષા, વિનીત, સિધ્ધના નાની. રંજન નવિનના જેઠાણી. સાડાઉ શાંતાબેન અરવિંદ લાલજી, બગડા હેમલતા ધનસુખ શામજીના ભાભી. વડાલા મુરજી, નાનજી, લાલજી, રાઘવજી લધા, રતાડીયા નાનબાઈ જાદવજી, પત્રી વેલબાઈ ભાણજી, વડાલા લક્ષ્મીબેન લાલજીના ભ. વહુ. ગુંદાલા ચોથીબાઈ મણશી ગાંગજીના દોહીત્રા વહુ. વેલજી, કપાયા મોંઘીબેન કરમશીના ભાણેજ વહુ. લાયજા મણીબેન ભવાનજી કુરપારના સુપુત્રી. નાગલપુર વિમળાબેન રતીલાલ શીવજીના બેન. મુકુંદના માસી. ગીતાના માસી સાસુ. લાયજા વેલબાઈ ખીમજી, ભીંસરા ખેતબાઈ શામજીના ભત્રીજી. ભીંસરા વસનજી મુરજી, ચંચળબેન વેલજીના ભાણેજી. કપાયા ધનવંતીબેન શાંતિલાલ લાલજી, ભુજપુર રસીલાબેન મોણશી વેરશી, બિદડા લીલાવંતીબેન જાદવજી માવજી, મુંબઈના આયશા હબીબ ખાનના વેવાણ. **પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.** નિ. ચંદ્રકાંત તેજશી : ધર્મેશ્વર ભુવન, બ્લોક-૩, ટી.એચ. કટારીયા માર્ગ, માટુંગા, મું-૧૬. મો. ૯૮૩૩૬૧૫૫૭૧ (હિરેન).

4/1/1 -------- (1-3)



**પત્રી**ના **મુલચંદ ધરોડ** (ઉ. ૭૮) ૨૮-૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાંબેન શીવજી મોણશીના પુત્ર. મંજુલાના પતિ. પરેશ, દિપેશના પિતાશ્રી. શ્રધ્ધાના સસરા. પ્રિયંક, દ્રિષ્ટીના દાદા. મણીબેન, રમણીક, ધીરજ, હસમુખ, દિનાના ભાઈ. કારાઘોઘા દામજી મુરજી, ભુજપુર માણેક રવજીના સાલ. નિલમ, રતન, જ્યોતિના જેઠ. દિપા, મનાલી, પુનીત, આશયના બાપા. બારોઈ મિનેશના કાકાઈ સસરા. દિવ્યા, દિશા, બીના, તુષારના મામા. રમણીક, કુણાલ, નીખીલ, અંજલીના મામાઈ સસરા. ગુંદાલા પાસુ લાધાના દોહીત્ર. ગુંદાલા માતુશ્રી ભાનુબેન પ્રેમજી ઘેલાના જમાઈ. સોનબાઈ શીવજી, મોખા પાંચીબાઈ ખીમજીના ભત્રીજી વર. મુલચંદ, રૂક્ષ્મણી, લતા, સ્વાતિના બનેવી. તરલાના નણંદોઈ. નરેડી મથુરાદાસ ભદ્રા, ગુંદાલા લક્ષ્મીચંદ ભવાનજી, રતાડીયા (ગ.) વસંત ગાંગજીના સાઢુભાઈ. સંકેત, દેશલપુર નેહલના ફુઆ. હરીતા, વિરલભાઈના ફુઆઈ સસરા. રાહુલ, બીના, શ્રુતિ, દિપા, નીકીતાના માસા. મોખા કુંવરબાઈ રતનશી હેમરાજના દોહીત્રી વર. દેવગડ શૈલજા માધવ કુબલના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. ઠે. દિપેશ ધરોડ, બી-૧૦૧, પુષ્પ કલશ-૨, બાલાજી સમફની ટાવરની સામે, સુકાપુર, ન્યુ પનવેલ (ઈ.) ૪૧૦૨૦૬. દિપેશ-૯૯૩૦૨૫૪૫૬૫, ધીરજ-૯૩૨૪૪૮૫૧૮૫, હસમુખ-૯૨૨૩૪૩૨૫૩૨.

4/1/1 -------- (1-4)


## સમાજ સામે લાલ બત્તી

હમણાં ઘણા સમયથી આપણા સમાજમાં સગપણ વિધી પુરી થાય બાદ સ્ટેનલેસ સ્ટીલના નાના ડબ્બામાં ફીણીઆ લાડુ ભરીને વહેંચવાની પ્રથા ચાલુ થયેલ છે.



આ સ્ટેનલેસ સ્ટીલના ડબ્બા દુકાનદાર પાસેથી કે કોઈ કારખાનામાંથી લઈ (ઘણા કીસ્સામાં નામ કે કાંઈ વિગત છપાવીને) ડાયરેક્ટ એમાં ફીણીઆ લાડુ ભરીને વહેંચવામાં આવે છે.

આ ડબ્બાને સ્વચ્છ કરવું કે ધોવાની પળોજણમાં કોઈ પડતું નથી.

**આપ જાણો છો કે આ સ્ટેનલેસ સ્ટીલના વાસણો કે આ ડબ્બાને કેવી રીતે ચમકાવવામાં એટલે બફીંગ કરવામાં આવે છે?**

આપણી પાસે ચાલતી કારો (ગાડીઓ) કે લોરીમાં નાખેલું એન્જીન ઓઈલ છ-આઠ મહિના કે વર્ષ દહાડા બાદ વપરાયા પછી જયાં એ ઓઈલ બદલી થાય છે.
એ વપરાયેલું તેલ (ઓઈલ) આ વાસણોમાં બફીંગ માટે વપરાય છે.
એની સાથે કેમીકલના બે - ત્રણ જાતના સાબુ જેવા લાટા આ તેલમાં ઝબોળી બફીંગ માટે વપરાય છે.



આ વપરાયેલું તેલ જો એક ચમચી આપ પી લો તો પોઈઝનની જગ્યા લઈ લે છે જેનાથી મૃત્યુ પણ થઈ શકે અને એમાં તો પાછું કેમીકલ પણ વપરાયેલું હોય છે.

એટલે ધોઈને સ્વચ્છ કર્યા વગર આ સ્ટેનલેસ સ્ટીલના વાસણો કે આવા ડબ્બા વાપરવા આરોગ્ય માટે કેટલા હાનીકારક હોઈ શકે?

એ આપ સમજી શકશો....

**બટર પેપરની થેલીનો ઉપયોગ કરવાથી આ નુકશાનીને ટાળી શકાય.**

(CLC-23237)

ભવદીય : છગનભાઈ તેજપાર દેઢિયા (મોથારા-મુલુંડ) - 98673 53371

BINITA S. MARU - 9869034162




**વાંકી**ના **ખીમજી દના છેડા** (ઉ. ૮૭) તા. ૨૮-૦૨-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઈ દના ચાંપશીના પુત્ર. સ્વ. જયવંતીના પતિ. ચંદન, વનિતા, સુનીલ, કવિતાના પિતાશ્રી. વડાલાના મણીલાલ શીવજી, મોખાના મહેન્દ્ર કુંવરજી, નયનાબેન સુનીલ, મોખાના રાહુલ નવિનચંદ્રના સસરા. સોહમના દાદા. નવાવાસ અમીષા પ્રતિક, મુંબઈ ભાવીની નિલેશ, લય, જય, જૈતીના નાના. ખુશી, નિત્યાના મોટા નાના. વાંકીના દેવજી, કાનજી, હંસરાજ, વેલજી, પ્રેમજી, નાનજી, ભુજપુરના ભાણબાઈ પ્રેમજી, પત્રીના ભચીબાઈ ભીમશી, વડાલાના ખેતબાઈ રામજીના ભાઈ. જેઠીબાઈ, દેવકાબેન, હીરબાઈ, મણીબાઈ, નાનબાઈના દેર. મંજુલાના જેઠ. પ્રાગપરના લીલબાઈ પ્રેમજી પુનશીના જમાઈ. ખીમજી, સાડાઉના નિર્મલાબેન હરીલાલ ગગુના બનેવી. કસ્તુરબેનના નણંદોઈ. કીર્તી, રેખા, શોભા, ઉષા,મીનાના ફુઆ. વડાલાના અમૃતબેન શીવજી, મોખાના કસ્તુરબેન કુંવરજી, પ્રાગપુરના લક્ષ્મીબેન મુલચંદ, મોખાના પ્રભાબેન નવિનચંદ્રના વેવાઈ. નવાવાસના મૃદુલા વિરેન્દ્ર, મુંબઈના કંચનબેન કિશોરના મોટા વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે.** બાર નવકાર ગણવા. ઠે. સુનીલ ખીમજી છેડા, ફ્લેટ નં.૬, ૧લે માળે, શિવકૃપા બીલ્ડીંગ, પામ એકર સોસાયટીની સામે, મહાત્મા ફુલે રોડ, ગવનપાડા બસ સ્ટોપ પાછળ, મુલુંડ (ઈ), મું.૮૧. સુનીલ-૯૧૬૭૮૨૫૦૭૧, ચંદન-૯૮૨૦૭૦૪૬૭૧.

4/1/1 -------- (1-5)

### (JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે ઝાડ પરથી ફુલ, ફળ, પાંદડા તોડવા નહીં. (વનસ્પતિકાયની દયા પાળવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(26) -------- (A-23225)(1-6)

### બેરાજા - બેરાજા - બેરાજા
### જયાબેન વિશનજી પાલણ મારૂ - બિદડા

અચલગચ્છીય કચ્છ કેશરી સાહિત્ય દિવાકર રાજસ્થાન દિપક ગચ્છાધિપતિ પૂ.આ.ભ. કલાપ્રભ સાગરસૂરિશ્વરજી-કવિ-વીર-મહોદયસાગર સૂરિભ્યો નમ : તથા શ્રમણ-શ્રમણીવૃંદના ચરણોમાં કોટી - કોટી વંદન. મુળનાયક વાસુપૂજ્ય સ્વામીની ધજાના ચડાવાની રકમ સર્વ સાધારણ ખાતામાં લેવામાં આવે છે. રૂા. ૨,૨૨,૦૦૦/- (રૂા. બે લાખ બાવીસ હજાર)ની ઓફર આવેલ છે. આ રકમ ઉપર રૂા. ૧૦,૦૦૦/- (રૂા. દશ હજાર)ની ઓફર ખુલ્લી રાખવામાં આવી છે જે કોઈ ભાગ્યશાળી દાતા પરિવાર આ ચડાવાનો લાભ લેશે તેને શાંતી કળશ-આરતી-મંગળ દિવાનો ફ્રીમાં લાભ મળશે. આ ચડાવો કુટુંબીજનો સાથે મળીને પણ ધજાનો લાભ લઈ શકે છે. આ વર્ષે ધજાની તારીખ ૨૦ જુન ૨૫ની નીકળી છે. મુળ નાયકના ધજાની ઓફર છેલ્લામાં છેલ્લી તારીખ ૧ જુન ૨૫ સુધી વહેતી ઓફર ખુલ્લી રાખવામાં આવી છે માટે દાતા પરિવારો નાણુ આવશે પણ તાણુ નહી આવે માટે લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા તક ઝડપી લેશોજી. પ્રમુખ કિશોરભાઈ : ૯૯૬૭૪૧૭૪૭૬ - ખજાનચી - નવીનભાઈ : ૮૮૭૯૯૧૫૧૫૮ પર સંપર્ક કરવા વિનંતી. લિ. બેરાજા શ્રી વા.પૂ. સ્થા. જૈન સંઘ ટ્રસ્ટી - હરખચંદભાઈ કક્કા સ્થાનિક પ્રમુખ - ઝવેરબેન જાદવજી સાવલા.

2/1/1(3) --------- (A-23152)(2-1)

### દાદર (વેસ્ટ) નાની મોટી દુકાનો

રાનડે રોડ, ૨૨૫' NC કેલકર રોડ, ૧૫૦' ડી સીલવા રોડ, એસ કે બોલે રોડ, ૪૦૦'ભવાની શંકર રોડ, ગોખલે રોડ, ૨૬૦' ૨૧૦' ૧૭૫' પોર્ટુગીઝ ચર્ચ, ૩૩૦' સયાની રોડ ૨૫૫' એલફીસ્ટન, ૧૮૦' પ્રભાદેવી. ૪૦૦+૪૦૦ રેડીમેડ કારખાના ઓફિસ લાયક જગ્યાઓ ભાડે તેમજ વેચાણથી લેવા વેચવા. જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ ૯૨૨૩૨૨૨૫૩૭.

4/1/1(33) --------- (B-23247)(2-2)

### ખુશ ખબર ખુશ ખબર ચાલો પાબલ

શ્રી પાર્શ્વ પધમણી ભક્તિ પુર્ણીમા મંડળ રતનનગર બોરીવલી (ઈસ્ટ) દ્વારા આયોજીત એક દિવસીય યાત્રા કરવા જરૂર પધારો. સુદ ચૌદસ ૧૩મી માર્ચનાં રાત્રે નીકળવાનું પુનમ કરી ૧૪મી માર્ચનાં રાત્રે પાછા ૨×૨ એ.સી. બસ આ યાત્રામાં ઉમરલાયક બાયપાસ કરાવેલા.

● શારીરીક દિવ્યાંગ કેન્સર થયેલ વ્યક્તિને યાત્રા કરાવીએ છીએ. પાબસ પાબલ ગૌશાળા તળેગાવ કળશ મંદિર લોનાવલા નારાયણીધામ જયાનંદધામ દેહુ લોનાવલા આ બધી જગ્યામાં વારાફરતી એક પછી એક પુનમ દર્શન કરવા માટે પધારશો.

● નકરો ૫૪૦ રૂપીયા એક વ્યક્તિ દીઠ બસના સંઘપતિ ૪૦૦૫ રૂપીયા નવકાશી ૩૦૦૬ રૂા. બપોરનું જમણ ૨૭૦૦ રૂા. ચા પાણી ૫૪૦ રૂા. ચોવિહાર ૩૦૦૬ રૂા. લકી ડ્રો ૮૦૧ રૂા.

● આટલા ચઢાવા લેવામાં આવે છે. યાત્રાળુ આમાં લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકો છો. લિ. સંપર્ક : મયુરભાઈ શાહ : મો. ૯૩૨૨૬૪૫૩૧૯, ભરતભાઈ સાવલા : મો. ૯૩૨૮૪૪૩૬૧૭.

4/1/1(39) --------- (A-23252)(2-3)

### MITSUBISHI SPLIT AC

વાપરો પંખાની જેમ વિજળી બિલની ચિંતા વગર ઈલેક્ટ્રીક બીલમાં ૫૦%ની બચત ૧૦૦% કોપર, હેવી કુલીંગ, સરળ હપ્તાની સગવડ. ફ્રી હોમ ડિલીવરી. એક્સચેંજની ક્રેડીટ કાર્ડ, કેસ બેકની સગવડ. તેમજ બીજી બધી જાણીતી બ્રાન્ડના સ્પીલ્ટ અને વીન્ડો AC પણ મળશે. જેમકે O-GENERAL, LG, VOLTAS પેનોસોનીક, બ્લુ સ્ટાર, મળો ચંદ્રકાન્ત વીરા (ભુજપુરવાળા) 9967780310.

2/1/1(42) --------- (B-23254)(2-4)

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN

## શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક: 9082271273. સમય : ૧૧ થી ૫

## જૈન પાઠશાળાઓની માહિતી

મહારાષ્ટ્ર સરકાર દ્વારા જૈન વિકાસ આર્થીક મહામંડળની સ્થાપના કરી છે. જે અંતર્ગતના લાભો હેઠળ જૈન પાઠશાળાઓને આર્થિક અનુદાન આપવાની યોજના જાહેર કરી છે. આપણા કચ્છી વીશા ઓસવાલ સમાજની મહારાષ્ટ્રની જૈન પાઠશાળાઓની માહિતી ભેગી કરવાનું આયોજન **શ્રી ક.વી.ઓ.સ્થાનકવાસી જૈન મહાજનની સરકારી યોજના સમિતિ** એ કરેલ છે.

આ માહિતિ મેળવવા મહારાષ્ટ્રમાં રહેલી ક.વી.ઓ. સમાજની પાઠશાળાઓના સંચાલકોએ ત્વરીત અહીં આપેલ QR Code સ્કેન કરી ગુગલ ફોર્મ ભરવા વિનંતી.

ગુગલ ફોર્મની લિંક મહાજનશ્રીની વેબસાઈટ www.kvosjm.org પર પણ ઉપલબ્ધ છે.

લિ. સરકારી યોજના સમિતિ

## શૈક્ષણિક

### ગામ : લાયજાના શ્રી મણીલાલભાઈને સોનગઢ રત્નાશ્રમની ભાવપૂર્વક શ્રધ્ધાંજલી

સોનગઢ રત્નાશ્રમ એ ઘર પણ છે અને નાનો સરખો સમાજ પણ છે. એમાં ઘરનો સ્નેહ પણ છે. મા-બાપ રૂપી ગૃહપતિ તેમજ શિક્ષણનો પ્રેમ અને વ્હાલ પણ છે. વડીલોનું ડહાપણ અને યુવાનોનું સાહસ પણ છે. ગામ : લાયજા-જોગેશ્વરીનાં સ્વ. શ્રી મણીલાલ દેવજી છેડાની તા. ૨-૩-૨૦૨૫ના રોજ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે લક્ષ્મીબેન છેડા તથા કુ. વિહાના સ્પર્શ નિકુંજના જન્મ દિવસ પ્રસંગે હસ્તે મૃદુલા જયંતીલાલ છેડાને સોનગઢ રત્નાશ્રમની મુલાકાત લીધી અને રત્નાશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ અને ત્યાં ભણી રહેલ બાળકોની ખુશીઓને જોઈને રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી અને જે સોનગઢ રત્નાશ્રમને ચોવહારનો લાભ આપ્યો તે બદલ રત્નાશ્રમ પરીવાર આપનો ખુબ ખુબ આભાર માને છે. લિ. સુમિત શાંતીલાલ નિસર-કારોબારી સભ્ય-વડાલા/કચ્છ. મો.નં. ૯૮૬૯૪૦૭૫૯૩.

4/1/1(22) --------- (A-23212)(5-2)

### રત્નાશ્રમમાં પર્યાવરણ શિક્ષણ
### સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ એટલે પ્રકૃતિનાં સાનિધ્યમાં બાળકોને જીવન ઉપયોગી કૌશલ્ય અને સંસ્કારોની કેળવણી આપતો અને આર્ય સંસ્કૃતિને ખરા અર્થમાં ઉજાગર કરતો એક શુધ્ધ શિક્ષણ દ્વીપ. ગામ : નવિનાર-હૈદરાબાદનાં સ્વર્ગીય શ્રી નરેશ દામજી વોરાની જન્મતિથિનાં અવસરે હસ્તે નીલમબેન નરેશ વોરાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૨૨૦૦૦/- બે વિદ્યાદાતાનું અનુદાન આપી ખૂબ જ અનુકરણીય કાર્ય કર્યું. જ્યાં રત્નાશ્રમ પરીવાર વોરા પરીવારનો હાર્દિક આભાર માને છે. જ્યાં સમાજનાં ૫૨૦ જેટલા બાળકો કોઈ પણ જાતનાં લવાજમ વગર શિક્ષણરૂપી જ્યોતને તેજવલ્લિત રાખે છે. લિ. વિજય મણીલાલ નિસર-ભૂ.વિ.મંડળ સભ્ય-વડાલા-૯૯૬૭૬૪૯૦૭૮.

4/1/1(18) --------- (A-23217)(5-3)

### શ્રી છેડા ભાવિક મંડળ ડોંબીવલી કુળદેવી શ્રી અંબે માઁજી નવમી સમૂહ પહેડી જો નોતરો

**કચ્છ-કંઠી-અભડાસે જા ૫૨-૪૨ ગામેં જા થાણા થી કર્જત-કસારા, ભીવંડી મેં વસધલ મડે છેડા ભાવર અને નીયાણી ભેણેં કે તથા પહેડી જા લાભ ગનધલ દાતા પરિવારેં કે જાણ કરે મેં અચેતી કે, પાંજે કુળદેવી શ્રી અંબે માતાજી જી ડોંબિવલી મેં નવમી સમૂહ પહેડી ચૈત્ર વદ -૧, રવિવાર તા.૧૩-૪-૨૫ જી સલૂણી સવાર જો નક્કી કરે મેં આવઈ આય. શુભ ઠેકાણું: શ્રી હોરાઈઝન હોલ, માનપાડા રોડ, ડોંબિવલી પૂર્વ. પહેડી જો ડીં ને ઠેકાણું મન મેં લખી રખજા અને માં જી પહેડી મેં અંઈ મડે સહપરિવાર જરૂરથી ભોલે વગર પોજી અચીજા ભલા! પહેડી જે વિગતવાર કાર્યક્રમ જી જાણ ખબર પત્રિકા જે માધ્યમ સે કરે મેં અચીંધી. તા.ક. : નવમી પહેડી જા ખબરપત્રિકા જાહેરાત જા સૌજન્ય દાતા : માતુશ્રી મધુબેન વાડીલાલ રવજી લીલાધર છેડા - હસ્તે પૂનમ દિપેન વાડીલાલ છેડા (મોટી રાયણ). સંપર્ક : શ્રી મૂકેશ મણીલાલ છેડા, મો. ૯૮૧૯૮૯૯૩૨૨. લિ. શ્રી છેડા ભાવિક મંડળ ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ જા જજા જજા જય અંબે.**

4/1/1(2) --------- (B-23210)(5-14)

### માટુંગાવાલા માટે ઘાટકોપર (ઈસ્ટ)માં

લક્ઝરી ફ્લેટ રેપ્યુટેડ બીલ્ડર્સ બુકીંગમાં/રેડીમાં લેવા/વેચવા ૧૫+ એમીનીટીઝ. દેરાસર બાજુમાં. લોન કરાવી આપશું. કિશોર ગડા-9082634172.

4/1/1(25) --------- (B-23226)(4-12)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### તા. ૨ માર્ચ - સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

અ.સૌ. ચંચળબેન ખેતશી ભેદા (મેરાઉ)નાં જન્મદિન નિમિત્તે એમના તરફથી.

● શ્રી જીતેન્દ્રભાઈ નથુભાઈ શાહ (ગડા) (દેવપુર)ની પુણ્યતિથી નિમિત્તે શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરિયલ ટ્રસ્ટ (કુંદરોડી) તરફથી. મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથી કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(12) --------- (A-23196)(2-10)

### પૂ.આ. શ્રી વિનયેન્દુ ખીચડીઘર 'ચારકોપ-કાંદીવલી'

ગચ્છાધિપતિ આ. પૂ. દેવજી સ્વામીની ગાદી અમર તપો. અનશનવ્રતધારી આ. ભોળીયા ભગવાન બા.બ્ર. પૂ. ભાઈચંદ્રજી મ.સા.ને નિત્ય વંદન. 'પુણ્યાત્માની પુણ્યતિથિએ કરો પુણ્યનાં કામ, ભુખ્યાને ભોજન દીજીએ, રાજી રહે આત્મ રામ' ગામઃ ભુજપુર હાલે ઘાટકોપર નિવાસી સ્વ. હંસાબેન કનકલાલ સંઘવીની પુણ્યતિથિ નિમિત્તે સર્વે લાભાર્થીઓને 'સેવ-બુંદી' ખવડાવવામાં આવશે. પુણ્યકામ કરનાર સંઘવી પરીવારની ભુરી ભુરી અનુમોદના. શ્રી નવનીત પ્રકાશન પરીવાર પૂ. ભાતૃચાર્ય ભાતાગૃહ તેમજ ત્રિ-આચાર્ય ગુરૂ સ્તુતી અનુષ્ઠાન ખુબ જ સુંદર રીતે ચાલી રહ્યું છે. તેમજ આજે પુ. ભાતૃચાર્ય ગુરૂદેવની ૧૩મી માસિક પુણ્યતિથિનાં અવસરે આત્મારાધના, જીવદયા, માનવતાદિ કાર્યો નિયમિત રૂપે કરવામાં આવશે. બપોરે ૩.૩૦ થી ૪.૩૦. પુષ્પ-૨ 'સંઘ લ્હાણી' કરવામાં આવશે. કાયમી તક્તી નામાંકિત સ્વરૂપે ભાતાગૃહ રૂા. ૧,૦૮,૦૦૦/- ગુરૂ સ્તુતિ પ્રભાવના રૂા. ૩૬૦૦૦/- નકરો રાખવામાં આવેલ છે. ધર્મપ્રેમીઓનાં નામ સામેથી આવી રહ્યા છે. દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર....ધન્યવાદ. 'ત્રિ-આચાર્યની મહેર છે, સંઘમાં લીલા લહેર છે'. લી. પૂ. આ. શ્રી વિનયેન્દુ ખીચડીઘર ચારકોપ-કાંદીવલી સંપર્ક : M.: 9820791850. શ્રી મયંકભાઈ મહેતા જા.સૌજન્ય : Shloka Fashions- Dadar હ. પરીન અમૃતલાલ સતરા-ગામ - ગુંદાલા, નીખીલ લક્ષ્મીચંદ ખીમસીઆ ગામ : ભોરારા.

4/1/1(15) --------- (A-23204)(2-11)

### આર્યન મેંગો હાઉસ પ્રસ્તુત રત્નાગીરી, દેવગઢનાં આંબા

Double sorted Grade. આંબાનાં સ્વાદથી તૃપ્ત થઈ જશો. એક વખત મંગાવીને ખાત્રી કરી જુઓ. વ્યાજબી ભાવ, સારી ક્વોલીટી. ફ્રી ડીલીવરી. સં. રીકેન ગંગર-૯૬૧૯૭૯૭૩૯૭.

4/1/1(37) --------- (B-23249)(2-12)

### પ્રોપર્ટી લે-વેચ

૧/૨/૩ ફ્લેટો એક થી બે કરોડ લીવ લાયસન્સ, લેવા-વેચવા. જય જિનેન્દ્ર. લક્ષ્મીચંદ સંગોઈ-૯૨૨૩૨૨૨૫૩૭.

4/1/1(36) --------- (B-23248)(2-13)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# જીવદયા અનુદાન

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ કચ્છ-માંડવી**
**(પ્રેરક : મુનીશ્રી શુભ વિજયજી)**

(ગાંઠીયા + સાબુ) ચમનલાલ નાનાલાલની તિથિ નિમિત્તે-માંડવી, (આઈસ્ક્રીમ) ધ્રુવ નિમેશકુમાર જૈન-મુંબઈ, (બિસ્કીટ+વેફર) શાંતીલાલ લાપસીયા પરીવાર-વડાલાવાળા, (બીસ્કીટ) મોંઘીબાઈ રવજી કેનીયા-બારોઈ, (બીસ્કીટ+ફ્રુટી) મેઘજી રાયશી-કોઠારા, (કપડા) ભીમજી ધનજી રાબડીયા, (ફ્રુટ) મધુબેન માવજી ગોગરીનાં પુણ્યાર્થે-ગાંધીધામ, (બુંદી+ગાંઠીયા) ગંગાબાઈ તલકશી નાગડા-ભોજાય, (ગાંઠીયા+બુંદી) મણીબેન વિજપાર-નાના આસંબીયા, (ફ્રુટ) આશીષ કંચનલાલ ફુરીયા-ડોણ. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે. ૯૦૦૪૬૪૬૦૪૪, ૭૫૦૬૮૦૮૮૬૬, ૦૨૨-૨૪૧૧૧૧૦૫, ૬૬૧૫૩૪૦૪.

4/1/1(9-P) --------- (A-23111)(3-1)

**શ્રી કચ્છ બિદડા વિશા ઓશવાળ જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

● રૂા. ૫૫૦૦/- ગામ : ડેપાનાં રૂક્ષ્મણીબેન ભવાનજીભાઈ સાવલા તે બિદડા ગામનાં નિયાણી બેન છે. તેમની તા. ૨૮-૨-૨૦૨૫ના લગ્નની ૫૫મી વર્ષગાંઠ નિમિત્તે અબોલ જીવોને યાદ કરી જીવદયા અનુદાન.

● સંપર્ક : દિનેશ રાજા-૯૮૧૯૧૪૬૭૯૯, પ્રવિણ સાવલા-૯૮૬૯૯૯૨૩૫૬.

4/1/1(13-P) --------- (A-23123)(3-2)

**આશીર્વાદ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**

સંચાલિત : માતુશ્રી રાજબાઈ ચાંપશી ભાણજી ગોસર (મંજલ) સંકુલ : ગામ-પીંપડાસ, વાડા-ભીવંડી રોડ માને છે દાતાઓનો આભાર. ૨૫૦૦૦/- શ્રી વાલકેશ્વર સ્થાનકવાસી જૈન સંઘ, ૩૦૦૦૦/- શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૧૫૦૦૦/- શ્રીમતી શાંતાબેન દામજી એંકરવાલા ટ્રસ્ટ, ૧૦૦૦૦/- શ્રી કાંદીવલી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૧૦૦૦૦/- શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૧૦૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (જુહુ ગલી), ૫૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (મહાવીરનગર), ૫૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (અંધેરી ઈસ્ટ), ૫૦૦૦/- માતુશ્રી પુષ્પાબેન ચીમનલાલ કુરવા-ગોધરા (દહીંસર), ૫૦૦૦/- માતુશ્રી વાલીબેન કરસન ભચુભાઈ છેડા-ભચાઉ (ઘાટકોપર), ૪૦૦૦/- માતુશ્રી સુંદરબેન ધનજી નાગડાહ. જયાબેન ખુશાલચંદ સુંદરજી નાગડા (હાલાપર), ૩૦૦૦/- શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ, ૫૦૦૦/- શ્રી દેશલપુર કંઠી સ્થાને બિરાજમાન રૂપાંદે માતાજીને નમતા ભાવિકો તરફથી, ૩૦૦૦/- શ્રી ગોરેગામ અચલગચ્છ જૈનસંઘ, ૨૫૦૦/- શ્રી જલારામ મંદિર ભટ્ટવાડી, ૨૫૦૦/- શ્રી પાર્શ્વગચ્છ જૈન સમાજ-મુલુંડ (વેસ્ટ), ૧૧૧૧/- શ્રી નિલેશકુમાર શામજી એન્ડ કાું. (ભાતબજાર), ૧૧૧૧/- શ્રી નવરાત્રી ઉન્સવ મંડળ (આગ્રીપાડા), ૧૦૦૦/- શ્રી દિનેશ નાગજી સાવલા (લાખાપુર), ૧૦૦૦/- શ્રી કેયુર કીર્તીભાઈ દેઢીયા-પત્રી (મીરા રોડ). આશીર્વાદ ગૌશાળાને અનુદાન આપી અબોલ પશુ-પક્ષીઓના નિર્વાહ માટેના કાર્યોમાં સહભાગી થયા તે બદલ સંસ્થા આપની ઋણી છે. જીવદયાની પ્રવૃત્તિવાળા શાસન કાર્યો માટે દાન આપી ૮૦-જી હેઠળ કરમાં રાહત મેળવો. લિ. ટ્રસ્ટી : સી.એ. શૈલેષ પ્રેમજી દેઢીયા-૯૮૯૨૪૭૭૪૭૧.

4/1/1(19) --------- (A-23215)(3-3)

**શ્રી ગઢશીશા પાંજરાપોળ**

સ્થાનિકે આવેલ રોકડનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન. ૧) આશા બેટરી સર્વિસ ગઢસીસા રૂા. ૩૧૫૧/- ૨) શ્રી રામ ભરોસે ગઢસીસા રૂા. ૩૦૦૦/- ૩) રતનશીભાઈ જસાભાઈ વાસાણી વડવા કાપા રૂા. ૨૧૦૦/- ૪) શ્રીમતી ભાવનાબેન જગદીશ ભગત મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ગઢસીસા રૂા. ૨૧૦૦/- ૫) સ્વર્ગીય લીલાબેન અરજણ ધોળું જીયાપર રૂા. ૨૦૦૦/- ૬) મનોજ દેવજી રંગાણી ગઢસીસા રૂા. ૧૦૦૦/- ૭) શ્રી રામ ભરોસે ગઢસીસા રૂા. ૧૦૦૦/- ૮) સુનીતાબેન જયપ્રકાશ ગઢસીસા રૂા. ૧૦૦૦/- ૯) ગાયત્રીમંડળ તરફથી હસ્તે મંજુલાબેન રબારી રૂા. ૧૧૦૦/- ૧૦) મણીબેન જેંતીલાલ પટેલ રાયણ રૂા. ૧૦૦૦ /-. ઉપરોક્ત દાતાશ્રીઓએ રોકડનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક-૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(28) --------- (A-23223)(3-4)

**શ્રી ગઢશીશા પાંજરાપોળ**

સ્થાનિકે આવેલ ઘાસચારાનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન અબોલ જીવોને અભયદાન. ૧) શ્રી નીલકંઠ મહાદેવ સેવા ટ્રસ્ટ માંડવી મકાઈ ૧૬૯ મણ કેવલ તથા ખ્યાતિ બેન દિનેશભાઈ રાબડીયા ભારાપર મકાઈ ૧૫૫ મણ ૨) અલતુર્કી મારમુલ મંદિર મસ્કત હસ્તે વાલજીભાઈ કેરાઈ રામપર મકાઈ ૧૩૨ મણ ૩) નવલસિંહ પ્રતાપસિંહજી ગોહિલ રામપર મકાઈ ૭૬ મણ ૪) નવલસિંહ પ્રતાપસિંહજી ગોહિલ રામપર મકાઈ ૧૦૧ મણ ૫) શ્રી રામ ભરોસે ગઢસીસા મકાઈ ૧૦૮ મણ ૬) શિવજીભાઈ માવજીભાઈ રાબડીયા સરલી મકાઈ ૮૫ મણ ૭) વાલજીભાઈ મેઘજી પિંડોરીયા માંડવી રંજકો ૬૦ મણ ૮) સુરેશ હીરજી કેરાઈ રામપર મકાઈ ૫૧ મણ ૯) અ નિ રતનમાં લાલજીભાઈ વેકરીયા ની ચોથી પુણ્યતિથિ નિમિત્તે પુત્ર રામજીભાઈ સહ પરિવાર શ્રી હરિકૃષ્ણા કન્ટ્રક્શન કંપની માંડવી રંજકો ૫૦ મણ ૧૦) દેવજીભાઈ કલ્યાણજીભાઈ રાયણ રજકો ૩૪ મણ ૧૧) વાલજીભાઈ મેઘજી પિંડોરીયા માંડવી રંજકો ૬૦ મણ ૧૨) અ નિ માવજીભાઈ દેવજીભાઈ વેકરીયા મોટા આસંબીયા મકાઈ ૩૦ મણ ૧૩) અ નિ ધનજીભાઈ વાલજી વેકરીયા ની પુણ્યતિથિ નિમિત્તે પિયાવા રજકો ૨૫ મણ ૧૪) વિનોદ મેઘજી કારા પિયાવા મકાઈ ૧૯ મણ ૧૫) અબજીભાઈ જેઠાભાઈ પોકાર મોટીરાયણ રજકો ૨૦ મણ ઉપરોક્ત દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લિ. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક-૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(27) --------- (A-23224)(3-5)

**Instant Tan removal - Laser Facial**

FDA' Approved Laser મશીન દ્વારા ચહેરા પરની કાળાશ, ટેન થયેલી સ્કીનને દુર કરો. લેઝર ટ્રીટમેન્ટ દ્વારા ચહેરાની સુંદરતા વધારો. એન્ટી એજીંગ ટ્રીટમેન્ટ દ્વારા ચહેરા પરની કરચલીઓ દુર કરો. આ સિવાય પીંપલ્સ, ચહેરા પરનાં ખાડા, આંખ નીચેના કાળા કુંડાળા, પીગ્મેન્ટેશન, મલેસ્મા, ચહેરા પરનાં મસા, ખરતા વાળ વગેરેની ટ્રીટમેન્ટ મેળવો. ડો. મમતા છેડા (મુલુંડ-ઘાટકોપર) ૯૮૨૦૫૫૯૩૯૩.

4/1/1(31) --------- (B-23228)(3-6)

**શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ**
૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર,
મુંબઈ-૪૦૦૦૦૯. ફો. ૨૩૪૭૫૧૩૩ / ૨૩૪૫૫૪૬૪



**તીર્થ સ્વરૂપ શ્રી આદિનાથ જિનાલય (ભાત બઝાર)ની ૧૬૭મી ધજા**

**આજે ફાગણ સુદ-3, રવિવાર તા. ૨/3/૨૦૨૫**

કાર્યક્રમ સવારના ૮ કલાકેથી સત્તરભેદી પુજા સહ શુભ મુહર્તે ધ્વજારોહણ તથા જિનાલય અષ્ટપ્રકારી સામગ્રીના વાર્ષિક આદેશો અપાશે.

પાવનકારી નિશ્રા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી શાંતમૂર્તિ પૂ. સાધ્વી મુખ્યા નિરંજનાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા વર્ધમાન તપોનિધિ પૂ.સા. લક્ષગુણાશ્રીજી મ.સા., પૂ.સા. સમકિતગુણાશ્રીજી મ.સા. ઠા. ૨ ધ્વજા પ્રસંગે નિશ્રા પ્રદાન કરશે.

**શ્રી આદિનાથ દાદાના જિનાલયની ધજાના લાભાર્થી**
વંશ, રાશી ઉર્વી જેનિલ છેડા (નાના આસંબીયા)
અ.સૌ. પ્રણાલી જેનીલ ખુશાલ ગડા (બાડા)
હ. અ.સૌ. પ્રવિણા મહેશ વિશનજી છેડા (નાના આસંબીયા)

**ધજાના દિવસના સ્વામીવાત્સલ્યના લાભાર્થી**
કુ. ભાવિની મીના કિરણ વીરજી વીરા પરિવાર (વાંકી)

સર્વે લાભાર્થી પરિવારની ભુરી ભુરી અનુમોદના...

પધારો.... તીર્થસ્વરૂપ શ્રી આદિનાથ જિનાલયે મહોત્સવમાં સહભાગી થઈ જીવનને ધન્ય બનાવીએ અને આ અમૂલ્ય દેવલૌકિક મહોત્સવને માણીએ.

લિ. માનદ્ મંત્રીઓ

**શ્રી કચ્છ બિદડા વિશા ઓશવાળ જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

● રૂા. ૫૧૦૦/- ગામ : બિદડાના શ્રી રાજેશ વશનજી મોતા.

● રૂા. ૫૧૦૦/- ગામ : બિદડાનાં માતુશ્રી રૂક્ષ્મણીબેન જેન્તીલાલ સેંગાણી હ. શૈલેષ જેન્તીલાલ સેંગાણી.

● રૂા. ૫૦૦૦/- ગામ : બિદડા હાલે અંધેરીના માતુશ્રી સવિતાબેન મુલચંદ સાવલાના પૌત્ર. જીનય જયશ્રી શૈલેષ સાવલા તથા પૌત્રી સિધ્ધી મનિષા નિલેશ સાવલાના લગ્ન પ્રસંગે જીવદયા અનુદાન.

● રૂા. ૩૦૦૦/- ગામ : બિદડાના શ્રી સંગાર શીવાજી શામજી.

● સંપર્ક : હીરેન ફુરીયા-૯૯૧૩૫૭૧૨૫૦, જીનેશ દેઢીયા-૯૮૨૫૫૫૪૧૪૦.

4/1/1(30) --------- (A-23229)(3-7)

**સેલ્સમેન જોઈએ છે**

ડોંબીવલી સ્ટેશન પાસે શુટીંગ-શર્ટીંગનાં શો રૂમ માટે અનુભવી, હોંશીયાર સેલ્સમેન જોઈએ છે. પગાર યોગ્યતા મુજબ. સંપર્ક : નીલ ગંગર-9833335757.

4/1/1(23) --------- (B-23211)(3-10)

**સગપણ સમસ્યા કે સરળતા ?**

સુયોગ્યતા પ્રમાણે પાત્ર અને પરીવારની પસંદગી આપતું 'બ્યુરો'

● વેલસેટ અને ખમતીધર પાત્રો શોધવાની ખાસ તકેદારી.

● કન્યા પાત્રો માટે ખાસ કાર્યરત.

● સૂરભિ મેરેજ બ્યુરો : 8355801176.

● દયા નાગડા (ઘાટકોપર)

4/1/1(16) --------- (B-23203)(3-13)

# શ્રધ્ધાંજલી

**શ્રધ્ધાંજલી**

ગામ : નાની તુંબડીનાં ભાવના મહેશ મેઘજી સાવલાને નાનાણાં સાસરા પરીવારની સ્નેહાંજલી. ખુશ્બુ બની મહેકી ગયા, દીવો બની પ્રકાશી ગયા, તમે સુખ-દુઃખ સર્વે જીવનમાં હસતા-હસતા ઝીલી ગયા, તમે ના કોઈ માંગણી ના કોઈ ફરીયાદ, જીવનમાં આવેલા કર્મોને સમભાવે સહી ગયા. એવા ભાવનાબેનનો દિવ્ય આત્મા પરમ પદ મોક્ષને પામે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના. લિ. ધનવંતી હરીલાલ રતનશી છેડા (નાની તુંબડી), જીજ્ઞા પ્રવિણ હરીલાલ છેડા, રીધ્ધી તથા પાર્થ પ્રવિણ છેડા, જયા દામજી મોનજી ગંગર (સમાઘોઘા), રશ્મિ કેકીન દિનેશ ગોગરી (નાના ભાડીયા), પ્રાચી કેકીન શાંતીલાલ ગાલા (સાડાઉ).

4/1/1(20) --------- (B-23214)(3-11)

**કચ્છ-વાગડમાં ઘરસામાન મોકલવા માટે**

કચ્છ- વાગડના રાપર, ભચાઉ, ભુજ, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી તથા અબડાસા અને ગુજરાતના કોઈપણ ગામમાં ઘરસામાન મોકલવા માટે ડોર-ટુ-ડોર ડિલીવરી સર્વિસ મળશે. સામાન અહીંયા તમારા ઘરેથી લઈ જઈને દેશમાં તમારા ઘર સુધી ખાત્રી પૂર્વક વ્યવસ્થિત પહોંચાડી આપશું.

● નંદુ ટ્રાન્સપોર્ટ સર્વિસ # 9833143286 / 9224106345 / 9322260142 / 9537809379 શ્રી બેચરભાઈ જીવરાજ નંદુ - રાજેશ નંદુ (નું. ત્રંબૌવાળા)

● ખા.નો. કચ્છ-વાગડથી મુંબઈ રીટર્ન સર્વિસ પણ મળશે અને મુંબઈથી દેવલાલી તથા દેવલાલીથી મુંબઈ રીટર્ન તથા દેશમાં સામાન લઈ જવાની સર્વિસ પણ મળશે. (બુકીંગ સમય : સવારના ૧૦.૩૦થી રાતના ૧૦.૩૦ સુધી).

2/1/1(24) --------- (B-23209)(3-12)

**પ્લેઇન સાડી મટીરીયલ ડાયેબલ**
**મહાવીર - માટુંગા - મહાવીર**

- સ્માર્ટ જોરજટ
- લેઝર જોરજટ
- મેટલ જોરજટ
- ફોક્ષ જોરજટ
- ઇટાલીયન ક્રેપ
- નેચરલ ક્રેપ (પ્યોર મીક્ષ)
- ડાયેબલ વીસ્કોસ જોરજટ
- ડાયેબલ શામો
- પ્યોર ક્રેપ ૮૦ ગ્રામ
- પ્યોર જોરજટ ૮૦ ગ્રામ
- જૈન સીલ્ક
- પ્યોર ટીસ્યુ જરી બુટી ડાયેબલ
- પ્યોર ટીસ્યુ જેકાડ બુટી ડાયેબલ
- સાચી જુની જરી સારા ભાવે ખરીદશું.
- તરત જ કેસ પેમેન્ટ, શ્રી મહાવીર એમ્બ્રોઇડરી, ફુલ ગલ્લીની સામે, HDFC ની બાજુમાં, માટુંગા. ૮૬૫૨૨૩૯૫૩૭ / ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ.

2/1/1(1) -------- (B-23118)(4-1)

**'મેડીકલ સ્ટોર' ભાડેથી / ભાગીદારીથી**

દેવલાલી-નાસિક રોડ ઉપર બે ગાળાની મેડીકલ સ્ટોરની દુકાન ફર્નિચર સાથે ભાડે અથવા ભાગીદારીથી (જોઇન્ડ વેન્ચરથી) આપવી છે. સંપર્ક : ભવ્ય ફરીઆ-7822003814.

4/1/1(4) -------- (B-23134)(4-2)

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે. એમ.જી. ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઇતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાના - ૩૦૦/- (ઓપરેશન વગર). રૂટ કેનાલ - ૧૦૦૦/-. એક્રેલીક દાંતની કેપ - ૪૦૦/-. સીરામીક કેપ - ૨૦૦૦/-. ઝેરકોનીયા કેપ - ૫૨૦૦/-. દાંતની બત્રીસી - ૯૦૦૦/-. ડેન્ટલ ઇમ્પલાન્ટ - ૨૨૦૦૦/-. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણશીભાઇ ગાલા, જે.એમ.જી. ક્લીનીક (અંધેરી વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રિસ્ટલ ક્લેર આઇ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. 8433742300, 022-49784878.

4/1/1(7) ------ (B-22980)(4-3)

**કાનમાં ઓછું સંભળાય છે?**
**અમારી પાસે તેનો ઉપાય છે**

વાયરવાળા, કાનની પાછળના, ચાર્જીંગવાળા અને કાનની અંદર ન દેખાય તેવા મશીનો (Sound Amplifiers) રૂા. ૪૦૦૦ થી ૨૦૦૦૦/- સુધીમાં ગેરંટી સાથે ઉપલબ્ધ છે. અમારા મશીનો રીપેયરીંગ પણ થાય છે. હોમ વીઝીટ ચાર્જ લઇ તમારા ઘરે મશીનનો ડેમો આપીશું. (બીજી બધી Brand નાં Hearing aid પણ ઉપલબ્ધ છે.) Cont - વિરેન ગાલા (9920644970) Santacruz (E).

2/1/1(6) -------- (B-23112)(4-4)

**CA એ આજની દુનીયામાં એક માત્ર વ્યાવસાયિક પ્રોગ્રામ નથી**

સમાજના ઘણા વિદ્યાર્થીઓ CA - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા (કુલ ૧૬ પરીક્ષાઓ) આપે છે અને ૫ થી વધુ વર્ષો અભ્યાસ અને ઇન્ટર્નશિપ કરીને પણ પરીક્ષાઓ પાસ કરવામા અસફળ રહે છે. ચાલો એક બદલાવ લાવીએ CPA (USA) સર્ટિફાઇડ પબ્લિક એકાઉન્ટન્ટ પ્રોગ્રામાં પ્રવેશ કરીએ (કુલ ૪ પરીક્ષાઓ) અને બે વર્ષથી ઓછા સમયમાં આ પ્રોગ્રામ પૂર્ણ કરીને વૈશ્વિક સ્તરે માન્યતા ધરાવતો ફાઇનાન્સ પ્રોફેશનલ બનીએ. CA નહીં, તો ચાલો CPA (USA) કરીએ. વધુ વિગત માટે સંપર્ક : રાજેશ દેઢીયા-09967091914, દેવ-08655566868. વેન્ટેજ, ૧૦૩, મારુતિ બિઝનેસ પાર્ક, ફન રિપબ્લિક રોડ, અંધેરી (પૂ.) મુંબઇ-૪૦૦૦૫૩. www.vantagepro.app

4/1/1(11) -------- (B-23197)(4-5)

**લીકેજ - લીકેજ - લીકેજ**

શું તમે તમારું ઘર/બીલ્ડીંગ રીનોવેટ કરવા માંગો છો ? જેમ કે પ્લાસ્ટર, પેન્ટીંગ, ફર્નિચર, Water Proofing with Painting Warranty સાથે તો જલ્દી કોલ કરો. મહાવીર એન્ટરપ્રાઇઝનાં ખુશ્બુ સાવલાને : 9136339963, 7738518046.

4/1/1(10) ------- (B-23198)(4-6)

**બિલ્ડીંગ રીપેરીંગ**

ટેરેસ વોટરપ્રુફીંગ સજીયા આઉટસાઇડ વોલ વોટરપ્રુફીંગ વિથ પેઇન્ટિંગ બીમ કોલમ પોકલ પ્લાસ્ટરિંગ પોલીમર ટ્રીટમેન્ટ સોસાયટી બંગલો ઇન્ડસ્ટ્રી ગેરેન્ટી સાથે કામ કરી આપવામાં આવશે. વ્યાજબી ભાવે ૭ સાથે ૧૦ દસ વરસની ગેરંટી. એશિયન પેઇન્ટ ડોક્ટર ફીક્સી બર્જર પેન્ડ ઓથોરાઇઝ એપ્લિકેશન. રોયલ કે કન્સ્ટ્રક્શન રમણ બી. વાઘેલા - 9867077530 / 9987414990.

2/1/1(9) -------- (N-23199)(4-7)

**! શુધ્ધતાનો વિશ્વાસ એક પરંપરા !**
**K.K. Oil Trading કંપનીનું**

'શ્રી MK કાચી ઘાણી' નું (COLD PRESSED) શુધ્ધ તેલ.

- સીંગ, સફેદતલ, કાળા તલ, કોપરેલ અને રાઇ. ફક્ત આ કુદરતી તેલીબીયામાંથી બનતું COLD PRESSED Oil.
- તદ્દન પ્યોર દેશી ગાયના વલોણાનું 'ઘી' ૧ લીટર કાચની બરણીમાં મળશે.
- સંપર્ક : (૧) મણીલાલ લાપસીયા : 9819814714 (૨) નીના કારાણી : 9322248444. FREE HOME DELIVERY. (Mumbai)

2/1/1(13) -------- (B-23195)(4-8)

**હરીયા ટ્રાવેલ્સ - ૨૦૨૫ પેકેજીસ**

- કાશ્મીર ટુર દિ. ૭. ૩૦૦૦૦/- PP Ex. શ્રીનગર
- કાશ્મીર ટુર દિ. ૮. ૩૭૫૦૦. PP Ex. જમ્મુ. શીકારા રાઇડ, ગંડોલા રાઇડ, ચંદનવાડી, અરૂ-બેતાબવેલી, સ્વતંત્ર રસોડું, પ્રાઇમ લોકેશન પર હોટેલ્સ, લક્ઝુરીયસ ટેમ્પો ટ્રાવેલરમાં પ્રવાસ. બધાં જ ખર્ચ સામેલ.
- લેહ લદાખ દિ. ૮. ૩૫૦૦૦/- PP Ex. શ્રીનગર. કારગીલ, નુબ્રાવેલી, પેન્ગોંગમાં સ્ટે.
- કિન્નોર, સ્પીતી વેલી દિ. ૧૧. ૪૯૦૦૦/- PP Ex. ચંદીગઢ, સાંગલા, કલ્પા, ટાબો, કાઝા, મનાલીમાં સ્ટે.
- બુકીંગ માટે સંપર્ક : શીતલ હરીયા. મો. 8779112094. ખાર વેસ્ટ. હરીયા ટ્રાવેલ્સ.

4/1/1(17) -------- (B-23205)(4-9)

**દેશ વિદેશ કુરિયર 24x7**

એક્સપોર્ટરો/ઇમ્પોર્ટરો માટે ઉત્તમ સર્વિસ અને વ્યાજબી ભાવે એરપોર્ટ ટુ એરપોર્ટ, ડોર ટુ ડોર Cargo તેમજ Exhibition માટે Bulk Load/ Sample / Freight Economic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઇ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Free Pick Up Service PAC n DELIVER. M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(5) -------- (B-23105)(4-10)

**'જુનુ સોનુ ચાંદી'**

જુનુ સોનુ ચાંદી હીરા મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું.

- સોનુ : 86800/- 24 K
- ચાંદી : 96000/- 1 Kg
- ડીઝાઇનર સર્ટીફાઇડ ડાયમંડ જ્વેલેરી પર 15% Discount.
- વલ્લભદાસ & સન્સ જ્વેલર્સ, શોપ નં. ૬ જવેરી બીલ્ડીંગ, ડી.જે.રોડ, સ્ટેશન સામે, વિલેપાર્લા (વે.) Mob. 9930644520.

4/1/1(1) -------- (N-23145)(4-11)

**જૂના નાણાંનાં સંગ્રહક !!!**
**દેવજી છેડા 9820610074**

- 1, 2, 5, 10, 20, 50, 100ની જુની બેંક નોટો-બંડલો, સોના, ચાંદી, ત્રાંબા તથા દરેક ધાતુના પ્રાચીન-અર્વાચીન ચલણી સીક્કા (જુનુ ચીલ્લર) જુના ચાવીવાળા ઘડીયાળ, બોલપેન, ધાતુના શો-પીસ, ટપાલ ટીકીટો વગેરે વ્યાજબી ભાવે સંગ્રહ માટે ખરીદશું.
- 2000 ની નોટો બદલીએ છીએ.
- રેડીમેડ જેન્ટસવેરના સેલ્સમેન, હેલ્પર જોઇએ છે.
- CANNON (જેન્ટસ રેડીમેડ શો-રૂમ) R.R.T. RD., BHAJI MARKET, MULUND (W)
- લગ્ન સરાઇ, પાર્ટી, ફોર્મલ, કેઝ્યુઅલ, જેન્ટસ-લેડીસ રેડીમેડ કપડાનું UP TO 50% SALE ચાલુ છે. 9820610074.

4/1/1(29) -------- (B-23219)(4-13)

**ટાઇમ હોલીડેઝ સંગ માણો**

ભૂતાન પ્રવાસઃ (ફુએન્ટ્સોલિંગ, થિમ્પુ, પારો, પુનાખા) દિવસ ૮, પ્રસ્થાનઃ ૨૨ માર્ચ (ફૂલ) માત્ર ૨ સીટ બાકી, ૯ એપ્રિલ, ૧૨ મે, જુજ બેઠક બાકી.

- કાશ્મીર પ્રવાસઃ (શ્રીનગર, દૂધપત્રી, ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગામ) દિવસ ૮, પ્રસ્થાન : ૨૨ માર્ચ (ફૂલ), ૧૫ એપ્રિલ, ૬ મે
- સિક્કિમ દાર્જિલિંગઃ (ગેંગટોક, લાચુંગ, દાર્જિલિંગ, પેલિંગ, નાથુલા) દિવસઃ ૧૦, પ્રસ્થાન : ૨૦ મે જુજ સીટ બાકી
- મોનસુન કેરાલાઃ (કોચીન, મુન્નાર, ટેક્કડી, એલેપી, કોવલમ, પુવર) દિવસ ૯, પ્રસ્થાન : ૧ જૂન.
- ટેમ્પો ટ્રાવેલર /૨×૨ પુશબેક, એસી બસ, નાસ્તો, લંચ, ડિનર, ટાઇમ પાસ પેકેટ, મિનરલ વોટર, ૩ સ્ટાર હોટલ, ફ્લાઇટ ટિકિટ સાથે, સમેતશિખરજી, ગીરનાર તેમજ પાલીતાણાની જાત્રાના તમામ જૈન સંઘોની યાત્રા તથા નાના મોટા પ્રસંગો માટે
- સંપર્કઃ ટાઇમ હોલીડેઝ. 9152399696, 9158002696.

4/1/1(32) -------- (N-23227)(4-14)

## મહિલા સંસ્થા સમાચાર

**શ્રી કોડાય જાગૃતિ મહીલા મંડળ**
**૪ માર્ચ, ફ્રી પ્રોગ્રામ, ૨૪ માર્ચ, પીકનીક**

કચ્છી મહિલા ફેડરેશન યોજીત ન્યારી નારી રત્નોત્સવમાં અમાયરા તથા જસ્મીનના સન્માનમાં આપણે સાક્ષી બનીએ, સંગીતોત્સવમાં તલ્લીન બનીએ. ૪ માર્ચ, મંગળ, શિવાજી નાટ્ય મંદિર, દાદર, બ.૨.૩૦ ક. ફ્રી પાસ (નાસ્તા સાથે) નામો આજે જ નોંધાવો.

- આપણે સૌ ૨૪ માર્ચ સોમવારે સવારના AC બસ દ્વારા શાહપુર દર્શન, વંદન, પૂજા, નવકારશી તથા બપોરનું ભોજન કરી બપોરે ત્રણ કલાકેથી કલ્યાણ વિલેજ ધાબામાં ચા-કોફી, મનભાવન વિવિધ વાનગીઓ માણી રમતો રમી ગામડાની સંસ્કૃતિનો આનંદ માણીએ માત્ર રૂા. ૫૦૦માં.
- કોડાયની બહેનો, નિયાણીઓને વહેલો તે પહેલોના ધોરણે ૪ માર્ચના રૂા.૫૦૦ ભરી નામો નોંધાવો કાશ્મીરા - ૭૩૦૩૬ ૪૯૫૮૯, કવિતા-૭૦૨૧૯૦૯૫૬૧ ને Gpay કરો. (ફોન નહી કરવો અને સ્ક્રીન શોર્ટ મોકલવો.) લિ.કન્વીનર.

4/1/1(41) -------- (A-23250)(4-15)

**કચ્છી મહીલા ફેડરેશન પ્રસ્તુત ૪ માર્ચ NNR, સંગીતોત્સવ, આમંત્રીતો, પાસધારકો**

આમંત્રિત મહેમાનો, પાસ ધારકોએ સમયસર પધારવા વિનંતી. કાર્યક્રમ ૨.૪૫ ના શરૂ થઇ જશે.

- સન્માનિત અને વિશેષ આમંત્રિત સર્વેએ ૨.૧૫ થી ૨.૪૫ દરમ્યાન બેક સ્ટેજ ચા-નાસ્તા માટે આવી જવા વિનંતી.
- મેમ્બરોએ આઇકાર્ડ બતાડી Refund કુપન આપી વિન્ડો પરથી ૨.૧૫ થી ૨.૪૫ વચ્ચે રીફંડ મેળવી લેવું.
- કેન્ટીનમાં Food કુપન આપી નાસ્તો (કેળાવડુ, અમુલ મિલ્ક બોટલ) મેળવી લેવું. (મધ્યાંતર નથી). લિ. મંત્રીઓ.

4/1/1(40) -------- (A-23251)(4-16)

**બેરાજા - ધજા મહોત્સવ - બેરાજા**
**જયાબેન વિશનજી મારૂ-બિદડા**

અચલગચ્છીય પૂ.આ. ભ. સાહિત્ય દિવાકર શ્રી ગચ્છાધિપતિ કલાપ્રભસાગરસૂરિશ્વરજી તથા ગણિવર્ય - શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં ધજા મહોત્સવ તા. ૧૮-૧૯-૨૦/૬/૨૫ ના દિવસે ઉજવવામાં આવશે. મુંબઇથી તા. ૧૭/૬/૨૫ના દાદર સયાજી નગરીમાં પ્રયાણ કરશું તો ગામની નિયાણીબેનો સહકુટુંબ તથા ગામવાસીઓ તા. ૫/૩/૨૫ થી ૩૧/૩/૨૫ સુધી ડિપોઝીટ રૂા. ૫૦૦/- (રૂા. પાચસો) ભરી નીચે આપેલ સેંટર પર નામ લખાવવા આગ્રહભરી વિનંતી. બેરાજા પહોંચ રૂા. ૨૦૦/- રીફંડ આપવામાં આવશે. માટે વહેલામાં વહેલી તકે નામ લખાવવા વિનંતી. (૧) જી-૨૦ કેલકર રોડ, ડોંબિવલી (ઇ) (૨) જે-૫૦૨ નવનીત નગર ડોંબિવલી (ઇ) (૩) આર્ટ-વ્યુ રણજીત સ્ટુડિયો દાદર (ઇ) ખાસ નોંધ : ફોન તથા મો.નં. પર નામો સ્વીકારવામાં નહીં આવશે. આપેલ સેંટરો પર રૂબરૂ જઇ ડિપોઝીટ તથા મો.નં. લખી નામો લખાવવા સ્નેહ ભરી વિનંતી. લિ. બેરાજા વા.પૂ. સ્વામી જૈન સંઘ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઇ કક્કા- સ્થાનીક પ્રમુખ ઝવેરબેન જાદવજી સાવલા.

2/1/1(2) -------- (A-23153)(4-17)

**તમારા પ્રસંગ પર લઇ જાવ ભાડા પર**

તમારા પ્રસંગને યાદગાર બનાવવા બજેટને શુટેબલ એવા શુટ, શેરવાની, ઇન્ડો વેસ્ટર્ન, જોધપુરી લઇ જાવ ભાડા પર. હર એક પ્રસંગને અનુકુળ પેન્ટ, શર્ટ સ્ટીચ કરી આપવામાં આવશે. તો વાટ શેની જુઓ છો. એક વાર અવશ્ય જરૂરથી પધારજો. વન અપ એથનીક સ્ટુડીઓ, ફ્લોરા એપાર્ટમેન્ટ, શુભમ હોટલની બાજુમાં, એમ.સી.સી. કોલેજ પાસે, મુલુંડ (વેસ્ટ) ફો. 9820303947. અંકુર દેઢીયા (પત્રી).

4/1/1(38) -------- (B-23253)(4-18)

# શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન બોરીવલી



Congratulations!

નિર્મળ સ્વભાવ, ધૈર્ય અને સૌમ્યશીલ તથા
શ્રી ક.વિ.ઓ. સ્થા. જૈન મહાજન - મુંબઈના ટ્રસ્ટી એવા
**CA કેતન દામજી સૈયા**
**Institute of Chartered Accountants of India**
**(ICAI) ની Western India Regional Council (WIRC) ના**
**ચેરમેન પદે** નિમણુંક થવા બદ્દલ આપને
**ખુબ ખુબ અભિનંદન...**

પોતાની આવડત, કુશાગ્ર બુદ્ધિ અને અદ્‌ભુત કાર્યશૈલી વડે
એક આગવી લોકચાહના મેળવનારા આપ જીવનમાં ઉત્તરોત્તર
પ્રગતિ કરો એવી શુભેચ્છા...

**CA કેતન દામજી સૈયા**
( મોખા – જોગેશ્વરી )

લિ. મેનેજીંગ ટ્રસ્ટીઃ **પરેશ શાહ**, પ્રમુખઃ **રામજી વીરા**, ઉપપ્રમુખઃ **ગિરીશ વિસરીયા** તથા ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને કારોબારી સભ્યો

જાહેરાત સૌજન્ય **BHAVNA ROADWAYS** - સુરેન્દ્રનગર, બોરીવલી
(CLB-23193)
KENIA AD AGENCY - 9870155993

---

અચલગચ્છ શણગાર, શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય
કલાપ્રભ-કવિન્દ્ર-વીરભદ્ર-મહોદય સાગરસૂરિ ગુરૂભ્યો નમ:

**૫૪ વર્ષ સંયમ પર્યાય પ્રવેશે, ગુરૂદેવોના કરીએ ગુણગાન**
**પૂ.હિરણ્યગુણાશ્રીજી મ.સા., પૂ.અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ને વંદન વારંવાર**

સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી
કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની,
પૂ.સા.શ્રી નિરંજનાશ્રીજી મ.સા., પૂ.પ્રવર્તિની
શ્રી અરૂણોદયશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા
પ.પૂ.સા.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. તેમજ
પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી વિધુતપ્રભાશ્રીમ.સા.
પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.
ના શિષ્યા પ.પૂ.સા.શ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.



અણગાર બની શાસનના
સ્વીકારી મહાવ્રતોની આણ
૫૪ વર્ષના સંયમ પર્યાય પ્રવેશે
ગુરૂદેવોના કરીએ ગુણગાન



દિક્ષાતિથી : સંવત ૨૦૨૮, ફાગણ સુદ ૩

અચલગચ્છના દીર્ઘસંયમી તમે સજ્યા છે શુભ ભાવોના સાજ, ધન્ય આપની
પરાર્થવૃત્તિ અંતરથી અનુમોદીએ આજ, અખંડ નિર્મળ સંયમ જેમનું, સદા સુવાસ
ચંદન, એવા તુંબડીના રત્નોના ચરણે, કોટી કોટી વંદન.
૫૪ વર્ષના સંયમ પ્રવેશે કરીએ ગુણોનું ગુંજન
રત્નત્રયી આરાધનાએ ઝુલતા, કરીએ આપના દિવ્ય જીવનને વંદન.

**દિર્ઘકાળ સુધી નિરામય સંયમ જીવન સાથે શાસન પ્રભાવના
કરતા રહો એજ મંગલ શુભ ભાવના.**

લિ. માતુશ્રી મઠાબાઇ અને મોંઘીબેન મેઘજી વેલજી સાવલા સમસ્ત પરિવાર
અ.સૌ. જયવંતીબેન વિરેન્દ્ર ઠાકરશી વોરા – નવાવાસ
માતુશ્રી ગંગાબેન નાથાભાઇ ગેલાભાઇ બૌઆ – નાની તુંબડી
માતુશ્રી નાનબાઇ હરશી ગેલાભાઇ બૌઆ – નાની તુંબડી
માતુશ્રી દેવકાબેન લાલજી મામણીયા પરિવાર – બેરાજા
માતુશ્રી રતનબેન લાલજી સાવલા (દેશલપુર-કંઠી) સમસ્ત પરિવાર

(CLB-23202)
રમા શેઠીયા - ૯૩૨૦૯૯૩૯૬૯

---

## નાનાણા પરિવારનું ગૌરવ....

ભાણબાઈ રતનશી જેઠા શેઠિયાના દોહિત્ર...

# CA કેતન દામજી સૈયા

ગામ : મોખા • નાનાણા : લાખાપર



**કે** કેટકેટલા અરમાન હતા
ઝવેરબાઈના
**ત** તમે પૂરા કર્યા એ બધા
દામજીભાઈના લાલ
**ન** નવાજાયા આજે તમે
ICAI ના **ચેરમેન પદે**
**સૈ** સૈયા પરિવાર સાથે વધાર્યું છે
તમે શેઠિયા પરિવારનું માન
**યા** યાદ રાખશે તમારી
આ કારકિર્દી તમારો
આ નાનાણા પરિવાર

| | | |
|---|---|---|
| નાના–નાની | : | ભાણબાઈ રતનશી જેઠા શેઠિયા.....લાખાપર |
| મામી–મામા | : | લીલાવંતી વસનજી શેઠિયા ...........લાખાપર |
| માસી–માસા | : | ભાનુબેન જેન્તીલાલ દેઢિયા ..............લુણી |
| માસી–માસા | : | શાન્તાબેન મહેન્દ્ર ગાલા .................વડાલા |
| માસી–માસા | : | દમયંતી ચુનીલાલ ગડા ..................કપાયા |

(CLC-23216)
K.V.O. - P - 8104209392

|| ૐ હ્રીં શ્રી ચતુર્દશપૂર્વેભ્યો નમો નમઃ || || શ્રી આદિનાથાય નમઃ || || ગુરુ શ્રી ગુણસાગરસૂરિભ્યો નમઃ ||

# શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

(પ્રેરક-સંસ્થાપક : શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.)

કાર્યાલય : ૨૧, કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો, ૧ લે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૨૩૭૭ ૮૭૩૯

## ચુંટણી અંગેની જાહેરાત

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની તા ૧.૪.૨૦૨૫ થી તા ૩૧.૩.2030 સુધીના પાંચ વર્ષ માટે સાત (૭) ટ્રસ્ટીઓ, એક (૧) પ્રમુખ , એક (૧) ઉપ પ્રમુખ, બે (૨) માનદ મંત્રીઓ તેમજ બાર (૧૨) કારોબારી સભ્યોની ચુંટણી માટે ચુંટણી સભામાં **રવિવાર તા.૨.૩.૨૦૨૫, બપોરના ૩ વાગ્યાથી શ્રી દાદર અચલગચ્છ જૈન ઉપાશ્રય, આલોક બીલ્ડીંગ, ૧ લા માળે તેમજ ૩ જા માળે, જ્ઞાન મંદિર રોડ, દાદર વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૮** મધ્યે રાખવામાં આવેલ છે. સંસ્થાના સભ્યોએ સમયસર પધારવા વિનંતી.

એક (૧) પ્રમુખ, એક (૧) ઉપ પ્રમુખ તેમજ (૧૨) કારોબારી સભ્યો માટે એટલા જ ઉમેદવારી પત્રકો રહેતા તે માટે ચુંટણી કરવાની આવશ્યકતા રહેતી નથી પણ બે (૨) માંનદ મંત્રી માટે ચાર (૪) ઉમેદવારી રહેતા તેમજ સાત (૭) ટ્રસ્ટીઓ માટે નવ (૯) ઉમેદવારી રહેતા તે માટેની ચુંટણી રવિવાર તા ૨.૩.૨૦૨૫ બપોરના ૩.૦૦ વાગ્યાથી ઉપરોક્ત સભામાં થશે. ચુંટણી સભામાં ૩.૩૦ વાગે સુધી આવનારને જ મત આપવાનો અધિકાર રહેશે.

### સાત (૭) ટ્રસ્ટીઓ પદ માટેના ઉમેદવારોની યાદી

| | |
|---|---|
| બે.ક્ર. ૧ ગિરીશ છગનલાલ લાલન (કોડાય-વડાલા) | બે.ક્ર. ૨ જયંતીલાલ ચંપકલાલ શાહ (મેરાઉ-તાડદેવ) |
| બે.ક્ર. ૩ CA જયેશ વલ્લભજી નાગડા (સાભરાઈ-થાણા) | બે.ક્ર. ૪ કિરીટ જગશી વીરા (નાંગલપુર-માહિમ) |
| બે.ક્ર. ૫ મયુર કુંવરજી છેડા (તલવાણા-ગામદેવી) | બે.ક્ર. ૬ મેઘજી ખીમજી વીરા (દેવપુર-ઘાટકોપર) |
| બે.ક્ર. ૭ નેમચંદ પ્રેમજી છેડા (મોટા લાયજા-ઘાટકોપર) | બે.ક્ર. ૮ રાજીવ રવીલાલ સંગોઈ (પુનડી-દાદર) |
| બે.ક્ર. ૯ રતીલાલ હીરજી ગાલા (મેરાઉ-વરલી) | |

### બે (૨) માનદ્ મંત્રી પદ માટેના ઉમેદવારોની યાદી

| | |
|---|---|
| બે.ક્ર. ૧ ગિરીશ છગનલાલ લાલન (કોડાય-વડાલા) | બે.ક્ર. ૨ જતીન મોરારજી છેડા (નાના ભાડિયા-ચેમ્બુર) |
| બે.ક્ર. ૩ કિરણ વેરશી ગડા (ચીઆસર-વડાલા) | બે.ક્ર. ૪ કિરીટ જગશી વીરા (નાંગલપુર-માહિમ) |

### ચુંટણી અંગેના નિયમો

* તા. ૧૦-૦૨-૨૦૨૫ સુધી ઉપરોક્ત સંસ્થાના સભ્યપદ મેળવનાર સભ્ય ચુંટણી પ્રક્રિયામાં વોટ આપી શકશે.
* ટ્રસ્ટીઓની સાત (૭) બેઠકો માટે સાત (૭) મત આપવા ફરજિયાત છે. સાત (૭) થી ઓછા કે વધારે મત આપનારના મતપત્રક રદ કરવામાં આવશે.
* માનદ્ મંત્રીની બે (૨) બેઠકો માટે બે (૨) મત આપવા ફરજિયાત છે. બે (૨) થી ઓછા કે વધારે મત આપનારના મતપત્રક રદ કરવામાં આવશે.
* બેલેટ પેપરમાં ઉમેદવારના નામની સામેના ખાનામાં "X" (ક્રોસ) ની નિશાનીથી મત આપવાનો રહેશે.
* મતપત્રકમાં મતદાતાઓએ નામ ન લખવું અથવા બીજી કોઈ નિશાની ન કરવી અથવા પોતાની સહી ન કરવી તેવું કરવાથી મતપત્રક રદ કરવામાં આવશે.
* મતદાર પોતાની ઓળખ માટે નીચે જણાવેલ કોઈ પણ એક ઓળખપત્રક રજુ કરી મતદાન કરી શકશે.
  (A) ભારત સરકારના ઈલેક્શન કમિશનર તરફથી અપાયેલ ઓળખ પત્રક (B) ડ્રાઈવિંગ લાયસન્સ (C) આધાર કાર્ડ (D) પાસ પોર્ટ (E) ઈન્કમ ટેક્સ પાન કાર્ડ (F) ફોટો સાથેના સિનીયર સિટીઝન કાર્ડ.
* ચુંટણી સભાના સ્થળે ચુંટણી પ્રચાર કરી શકાશે નહી.
* કોઈપણ બંધારણીય બાબત/ ચુંટણીને લગતા પ્રશ્ન સંદર્ભે ચુંટણી સભામાં નિયુક્ત થયેલા ચુંટણી અધિકારીઓનો નિર્ણય આખરી રહેશે અને સૌને બંધનકર્તા રહેશે.
* ચુંટણીમાં થયેલ મતદાનના કુલ ૧૦% થી ઓછા મત મેળાવનાર ઉમેદવારની ડિપોઝિટ પરત કરવામાં આવશે નહી.
* સંઘ, મહાજન, ટ્રસ્ટ તથા વ્યાપારી પેઢી સભ્ય તરીકે છે, તેઓ પોતાના લેટરપેડ પર મતદાન માટે આવનાર પ્રતિનિધિનું પુરૂં નામ લખીને મોકલશોજી. અવનાર પ્રતિનિધિ પોતાના સરકાર માન્ય ફોટો આયડી દેખાડી મતદાન કરી શકશે.
* ચૂંટણીમાં મતદાન માટે પધારનાર સભ્યોને નંબર સાથે ટોકન આપવામાં આવશે. ટોકન ક્રમાંક મુજબ વોટિંગ બુથમાં વોટિંગ માટે મોકલવામાં આવશે.

**લિ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ**

(*1741)

## ઘણાં મહાજનો, સંઘો અને સંસ્થાઓમાં ઈલેક્શનની તાજેતરમાં પ્રક્રિયા થઈ અથવા થઈ રહી છે તો સર્વે સમાજને ખાસ ધ્યાનમાં રાખવા જેવા સોનેરી સુચનો...

# ટ્રસ્ટીશ્રી કેવા હોવા જોઈએ ?

**ટ્રસ્ટી શબ્દનો અર્થ થાય છે : વિશ્વાસુ.... જેના પર, પુરા સંઘને વિશ્વાસ હોય, તે ટ્રસ્ટી તરીકે યોગ્ય ગણાય.**

**ટ્રસ્ટી કોણ બની શકે? તો કહે છે કે, જે શ્રાવક હોય તે જ ટ્રસ્ટી બની શકે. પ્રશ્ન એ થાય કે, શ્રાવક કહેવા કોને?**

**શ્રાવકમાં કેવા અને કેટલા ગુણ હોય? શ્રી શ્રાદ્ધ વિધિ પ્રકરણમાં શ્રાવકના ૨૧ ગુણ બતાવ્યા છે.**

આજકાલ, અમુક ટ્રસ્ટીઓ પોતાના ધંધાના વિકાસ / વેગના ઉદેશથી સંઘ દ્વારા ચાલતી વિવિધ સંસ્થા જેવી કે આયંબીલ શાળા, સ્વામિવાત્સલ્ય, વૈયાવચ્ચ, પ્રિન્ટીંગ, મહાઆંગી, ઈવેન્ટ મેનેજમેન્ટ, કરીયાણુ સપ્લાય, વગેરે આવી ઘણીબધી પ્રવૃત્તિમાં ફાયદો થાય એવા ઉદેશથી કાર્ય કરે છે !! એ, ખરેખર ટ્રસ્ટી ગણમાં હોય તો, સંસ્થાનું શું થઈ શકે.?? અમુક સંસ્થાના પ્રમુખ / ટ્રસ્ટીઓ મનસ્વી રીતે વહીવટ ચલાવે છે.

### :: ઉત્તમ ટ્રસ્ટીના ૨૧ ગુણો ::

**જરૂરથી વિચારવા લાયક**

(૧) ગંભીર ચિત્ત વાળો યાને ઉદાર ચિત્તવાળો
(૨) પાંચ ઇન્દ્રિયોથી પરિપુર્ણ
(૩) શાન્ત સ્વભાવી
(૪) દાન, શીયળ, ન્યાય,વિનય અને વિવેક આદિ ગુણોથી યુક્ત હોવાથી લોકોમાં પ્રિય
(૫) કોઈની અદેખાઈ કે નિંદા ન કરનાર
(૬) પાપથી, લોકનિંદા અને અપયશ થી ડરનાર, રાત્રી ભોજનનો ત્યાગ કરનાર
(૭) કપટીપણું ન હોય
(૮) હિત વત્સલ
(૯) લજ્જાળુઃ ન કરવા જેવું કાર્ય કરે નહીં
(૧૦) દયાળુ
(૧૧) મધ્યસ્થઃ એક પર દ્વેષ અને એક પર રાગ ન રાખનાર અથવા સૌમ્ય દષ્ટિ
(૧૨) ગુણાનુરાગી
(૧૩) સત્યવાદી
(૧૪) ન્યાય નો પક્ષપાતી
(૧૫) દુરંદેશીઃ જે કાર્ય કરે તેમાં લાંબો વિચાર કરીને નિષ્પક્ષ રહી, સંઘનો લાભ, નુકસાન સમજી શકે
(૧૬) તત્ત્વનો જાણકાર
(૧૭) આચાર વૃધ્ધ, જ્ઞાન વૃધ્ધ,અને વયોવૃદ્ધ એ ત્રણેયની પરંપરા/ માન્યતા ને અનુસરનાર
(૧૮) ગુણીજનોના બહુમાન કરનાર
(૧૯) કોઈએ કરેલા ઉપકાર ને ન ભુલનાર
(૨૦) પારકાનું હિત કરનાર
(૨૧) ધર્મમાં જેણે ઊંડો અભ્યાસ કર્યો છે,તેવા પુરૂષના પરિચય વાળો.

**આ શ્રાવકના ૨૧ ગુણ થયા..**

## આવા શ્રાવકો હોય તેમાંથી જે ઉત્તમ હોય તેને ટ્રસ્ટી તરીકે લેવાય.

**જેને ટ્રસ્ટી તરીકે લેવાય તેમનામાં કેટલાક વિશેષ ગુણ પણ હોવા જોઈએ. દેવ, ગુરુ, ધર્મ અને ગચ્છને પુર્ણ સમર્પિત અને વફાદાર જોઈએ. અન્ય ગચ્છ પ્રત્યે બહુમાન ભાવ રાખનાર જોઈએ. બધાને સાથે રાખીને ચાલનાર જોઈએ. ઉદાર,દાની જ્ઞાની અને આરાધક જોઈએ.**

**જે વ્યક્તિ દેવ દ્રવ્ય કે ધર્મ દ્રવ્યનો ફંડ પોતાના માટે કે પોતાના ધંધા માટે વાપરતો હોય તેને ટ્રસ્ટી બનવાનો કોઈ અધિકાર નથી સમાજમાંથી પોતાના માટે કે પોતાના ધંધા માટે વ્યાજે લોન લેનાર અને સમય પર તેની ચુકવણી ના કરનાર વ્યક્તિઓ પણ નૈતિક રીતે ડિફોલ્ટર છે અને તેઓ કોઈપણ ટ્રસ્ટમાં રહેવા ના જોઈએ.**

- સહુને માનથી બોલાવી શકે તેવા સંસ્કાર જોઈએ.
- એક એક રૂપિયાને કરકસરથી વાપરનાર હોવા જોઈએ.રસોડાનું કે અન્ય અનુષ્ઠાન એટલી કરકસરથી, જયણા પુર્વક કરે કે સૌનો વિશ્વાસ સંપાદન થાય.
- સમાજની વિવિધ વ્યક્તિઓમાં વિવિધ શક્તિ હોય છે. તેનો યોગ્ય ઉપયોગ કરનાર જોઈએ.
- જયણાના આચરનાર જોઈએ. જૈન આહાર શાસ્ત્રના જાણકાર જોઈએ.
- રાત્રિ ભોજન અને કંદમુળ નો ત્યાગી જોઈએ.
- આખો સંઘ આરાધનામાં કેમ જોડાય તેવી ચિંતા કરનાર જોઈએ.
- દેવદ્રવ્ય, ગુરુ દ્રવ્ય, વિગેરે કોને કહેવાય, ક્યા ખાતાના રૂપિયા ક્યાં વપરાય તેના ખાસ જાણકાર જોઈએ. ભુલથી પણ એક ખાતાના રૂપિયા બીજા ખાતામાં ન વપરાય તેનું ધ્યાન રાખનાર જોઈએ.
- પુજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોનું સંયમ જીવન નિર્મળ પળાય તેની ખેવના કરનાર જોઈએ.
- ટ્રસ્ટીએ શ્રીસંઘના સેવક છે. સંઘની નાનામાં નાની વ્યક્તિનું માન સાચવનાર જોઈએ.
- જે ગચ્છના ટ્રસ્ટી હોય તે ગચ્છની સામાચારી, પરંપરાના જાણકાર જોઈએ.
- ટ્રસ્ટ્રી સંઘના ભાઈઓને નાની મોટી તકલીફો આવે તો તેમના પડખે ઉભા રહેનાર જોઈએ તેમની લાગણી અને ભાવનાની કદર કરનાર જોઈએ.
- કાયદાકીય જાણકાર જોઈએ. પાઠશાળા કેમ વધુ સારી ચાલે,પંડિત, અધ્યાપક, દાની, તપસ્વી, વડિલ વિગેરેના બહુમાન સાચવનાર હોવા જોઈએ.
- શ્રી સંઘમાં પુજ્ય સાધુ સાધ્વીજી ભગવંતો પછી, ઉત્તમ સ્થાન ટ્રસ્ટીશ્રીઓનું કહી શકાય. તેઓ એવી સંઘની સેવા કરે કે, જેના પ્રભાવે, ત્રીજા ભવે મોક્ષે જઈ શકે.
- એક વ્યક્તિમાં આટલા બધા ગુણો સંભવ ના પણ હોય, માટે જે તે ક્ષેત્રમાં જાણકાર હોય, તેમની જ નિમણુંક ટ્રસ્ટી તરીકે થવી જોઈએ, સંઘનું હિતને અવશ્ય ધ્યાને લેવું જોઈએ.

**સમાજ હિતાર્થે : ચેતન શાહ (પશ્ચિમ મુંબઈ)**

(CLC-23258)

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
# શ્રી કચ્છી વીસા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

KVOSJM STHANAKWASI JAIN MAHAJAN

ના સથવારે

# સી.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટસ્ એસોસીએશન

દ્વારા સંચાલિત **કરવેરાના આટાપાટા**

## Important Statutory due dates for the month of March 2025 — માર્ચ-2025 ની મહત્વની કાયદાકીય તારીખ ની સૂચિ.

| Due Date | Category | Description | વિગત |
|---|---|---|---|
| 7-Mar | TDS/TCS | Deposit of Tax deducted/collected for the month of February, 2025 | ફેબ્રુઆરી, ૨૦૨૫ મહિના માટે કપાત કરેલ/કલેક્ટ કરેલ ટેક્સ જમા કરાવા |
| 7-Mar | Income-tax | Equalisation Levy for payment made to Non Resident during the month of February 2025 in respect of specified service. | નિર્દિષ્ટ સેવાના સંદર્ભમાં ફેબ્રુઆરી ૨૦૨૫ મહિના દરમિયાન બિન-નિવાસીને કરવામાં આવેલી ચુકવણી માટે સમાનતા લેવી. |
| 7-Mar | FEMA | ECB 2 Return for February 2025 - Entities who have availed External Commercial Borrowing (ECB) | કંપનીઓએ વિદેશમાં થી લીધેલ લોન (External Commercial Borrowing) માટે ફેબ્રુઆરી ૨૦૨૫ નું ECB 2 રીટર્ન ભરવા. |
| 10-Mar | GST- TDS/TCS | Monthly statement of GST TDS/TCS deposited in form GSTR 7 & GSTR 8 respectively for February 2025 | ફેબ્રુઆરી ૨૦૨૫ માટે GST TDS/TCS નું માસિક નિવેદન પત્રક અનુક્રમે GSTR 7 અને GSTR 8 ફોર્મમાં જમા કરાવવા. |
| 11-Mar | GST | Monthly return (GSTR 1) for registered persons- with aggregate turnover of more than 5 crores or those opted for monthly filing(not opted for QRMP), for February 2025 | રજિસ્ટર્ડ વ્યક્તિઓ માટે માસિક રિટર્ન (GSTR 1) ભરવાની નિયત તારીખ. - ૫ કરોડ રુપિયાથી વધુના કુલ ટર્નઓવર સાથે અથવા જેમણે માસિક ફાઇલિંગ વિકલ્પ લીધું છે (QRMP માટેનુ વિકલ્પ ન લીધું હોય) |
| 13-Mar | GST | IFF for registered persons opted for QRMP scheme, for the month of February 2025 | ફેબ્રુઆરી ૨૦૨૫ ના મહિના માટે, QRMP યોજના માટે પસંદ કરેલ નોંધાયેલ વ્યક્તિઓ માટે IFF |
| 13-Mar | GST | Due date of filing Monthly GSTR-5 for registered NRI Taxable Person is 13/03/2025 for FEB 2025 | રજિસ્ટર્ડ એનઆરઆઈ ટેક્સેબલ પર્સન માટે માસિક જીએસટીઆર-5 ફાઇલ કરવાની નિયત તારીખ 13/03/૨૦૨૫ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૫ માટે છે. |
| 13-Mar | GST | Due date of filing Monthly GSTR-6 for Input Service Distributor (ISD) is 13/03/2025 for FEB 2025 | ઇનપુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર (આઇએસડી) માટે માસિક જીએસટીઆર-6 ફાઇલ કરવાની નિયત તારીખ ફેબ્રુઆરી ૨૦૨૫ માટે 13/03/૨૦૨૫ છે. |
| 15-Mar | Income-tax | Fourth Instalment of Advance Tax for Financial Year 2024-2025 | નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે એડવાન્સ ટેક્સ ભરવાનો ચોથા હપ્તા |
| 15-Mar | Provident Fund (incl. EDLI) | PF Payment and Return for February 2025 | ફેબ્રુઆરી ૨૦૨૫ માસના પગાર પર થતાં PFની ચુકવણી અને તેનું વિવરણ પત્રક ભરવા |
| 15-Mar | ESIC | ESIC Payment and Return for February 2025 | ફેબ્રુઆરી ૨૦૨૫ માસના પગાર પર થતાં ESICની ચુકવણી અને તેનું વિવરણ પત્રક ભરવા |
| 17-Mar | TDS/TCS | Issue of TDS certificate for tax deducted under sections 194IA, 194IB, and 194M for January 2025 | જાન્યુઆરી ૨૦૨૫ માટે કલમ 194IA, 194IB અને 194M હેઠળ કર કપાત માટે TDS પ્રમાણપત્ર ઇશ્યૂ કરવા |
| 20-Mar | GST | File form GSTR 3B (payment of tax) for persons having aggregate turnover more than 5 crores or those opted for monthly filing for Feb 25 | રજિસ્ટર્ડ વ્યક્તિઓ માટે ફેબ્રુઆરી ૨૦૨૪ મહિનાનો ટેક્સ અને GSTR 3B રીટર્ન ભરવા. (૫ કરોડ રુપિયાથી વધુ ટર્નઓવર ધરાવતા અથવા માસિક રીટર્ન ફાઇલિંગ વિકલ્પ પસંદ કરેલ કરદાતાઓ માટે.) |
| 25-Mar | GST | Filing PMT-06 for February 2025 by taxpayers who have opted for the quarterly filing of GSTR-3B under QRMP Scheme | QRMP યોજના વિકલ્પ પસંદ કરેલ કરદાતાઓ માટે ફેબ્રુઆરી ૨૦૨૫ મહિનાનો PMT-06 ફાઈલ કરવા. |
| 30-Mar | TDS/TCS | Furnishing challan-cum-statement under section 194IA, 194IB, and 194M for February 2025 | ફેબ્રુઆરી ૨૦૨૫ માટે કલમ 194IA, 194IB અને 194M હેઠળ ચલણ-કમ -સ્ટેટમેન્ટ રજૂ કરવા |
| 31-Mar | Income-tax | Furnishing of an updated return of income for the Assessment Year 2022-23 | આકારણી વર્ષ ૨૦૨૨-૨૩ માટે આવકનું અપડેટ કરેલ વળતર રજૂ કરવાની છેલ્લી તારીખ |
| 31-Mar | GST | Applying for LUT for Financial Year 2025-26 | નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે LUT ભરવા |
| 31-Mar | GST | Filing CMP-02 to apply for composition scheme for Financial Year 2025-26 | નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કોમ્પોઝિશન સ્કીમ ની એપ્લિકેશન કરવા CMP -02 ભરવા |
| 31-Mar | Professional Tax | Monthly PT payment and return for salary paid in March 2025 | માર્ચ ૨૦૨૫ માં ચૂકવેલ પગાર પર થતાં PTની ચુકવણી અને તેનું રીટર્ન ભરવા. |
| 31-Mar | Professional Tax | Filing of Annual Return and PT payment for Salary of Mar-24 to Feb-25 | કર્મચારીઓને માર્ચ ૨૦૨૪ થી ફેબ્રુઆરી ૨૦૨૫ આપેલ પગાર પર કાપેલ PTની ચુકવ અને વાર્ષિક રીટર્ન ભરવા. |

Note : For more details, kindly consult your CA **www.cvoca.org** વધુ વિગત માટે પોત પોતાના CA નો સંપર્ક કરવો.

કરવેરાના આટાપાટાની ડિજિટલ કોપી મેળવવા અને CVOCAના જાહેર અપડેટના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા સ્કેન કરો.

Follow us on : @cvocain @CVOCA Association @cvoca http://bit.ly/cvocayt



કચ્છ : વડાલા — **માતૃવંદના** — મુંબઈ : માટુંગા-B.B.

# શ્રીમતી દમયંતીબેન ચંદ્રકાંત તેજશી સોની

હાર્ટ ફેઈલથી અરિહંતશરણ : તા. ૨૭.૨.૨૦૨૫ • ઉં.વ. ૭૨ • ચક્ષુદાન કરેલ છે.

**મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે... જનની ની જોડ જગે નહીં જડે રે લોલ...**

હેત-પ્રેમ-આદર-મમતાથી પરિવારમાં સ્નેહની સરવાણી વહેવડાવનારા, સ્નેહમૂર્તિનો કાઈપણ અણસાર વિના જીવનદીપ બુઝાયો. ઘર પરિવારમાં આઘાતનો માહોલ છવાયો. એમની ખોટ હરપલ સાલશે અને આંખો ભીંજાશે. હે પ્રભુ ! દિવંગતશ્રીના પુનિત આત્માને આપજો સિદ્ધ શીલાએ સ્થાન એજ અંતરભીની પ્રાર્થના અમારી.

મોટા સાસુ-સસરા : માતુશ્રી પાનબાઈ લધા ભારમલ સોની ..........................વડાલા
સાસુ-સસરા : માતુશ્રી ભાણબાઈ તેજશી લધા સોની ..........................વડાલા
નાનાઈ સાસુ-સસરા : માતુશ્રી ચોથીબાઈ મણશી ગાંગજી દેઢિયા ......................ગુંદાલા
દાદા-દાદી : માતુશ્રી કુંવરબાઈ કુરપાર નાગશી દેઢિયા ..................મોટા લાયજા
માતા-પિતા : માતુશ્રી મણીબેન ભવાનજી કુરપાર દેઢિયા..................મોટા લાયજા
માવિત્રતુલ્ય બેન-બનેવી : માતુશ્રી વિમળાબેન રતીલાલ શીવજી ગંગર ......................નાગલપુર
પતિ : પુણ્યશ્લોકી ચંદ્રકાંત તેજશી સોની ..............................વડાલા

**પુત્ર-પુત્રવધુ**
હેમાલી હિરેન ચંદ્રકાંત સોની..............વડાલા
બુશરા પરેન ચંદ્રકાંત સોની..............વડાલા

**પુત્રી-જમાઈ**
નીલમ નિલેશ મોણશી દેઢિયા ...........ભુજપુર
દીપા નિલેશ જાદવજી કુરિયા .............બિદડા

**પૌત્ર-પૌત્રી**
ધ્રુવી હિરેન સોની ..........................વડાલા
રોનક હિરેન સોની ..........................વડાલા

**દોહીત્ર-દોહીત્રી**
ફોરમ નિલેશ દેઢિયા.......................ભુજપુર
ભવિષા નિલેશ દેઢિયા ....................ભુજપુર
વિનીત નિલેશ કુરિયા......................બિદડા
સિધ્ધ નિલેશ કુરિયા.......................બિદડા

**દેર-દેરાણી**
રંજનબેન નવિનચંદ્ર તેજશી સોની........વડાલા

**નણંદ-નણંદોઈ**
શાંતાબેન અરવિંદ લાલજી માલદે..........સાડાઉ
હેમલતાબેન ધનસુખ શામજી ચંદ્રુવા ......બગડા

**ભત્રીજા-ભત્રીજાવહુ**
સંગીતા ભાવિન નવિનચંદ્ર સોની.........વડાલા

**ભત્રીજો**
વિમેશ નવિનચંદ્ર સોની ...................વડાલા

**ભાવિ ભત્રીજાવહુ**
ભૂમિકા ચેતનભાઈ સંઘવી ................રાજકોટ

**ભત્રીજા પુત્ર**
દીશાંત ભાવિન સોની.......................વડાલા

**ભાણેજ-ભાણેજવહુ**
પિયુષ અરવિંદ માલદે .......................સાડાઉ
હર્ષા પરાગ અરવિંદ માલદે .................સાડાઉ
નમ્રતા દિપેન ધનસુખ ચંદ્રુવા ..............બગડા
ગ્રિષ્મા ગૌરવ ધનસુખ ચંદ્રુવા..............બગડા

**ભાણેજી-ભાણેજીવર**
રૂપલ દિલીપ વનેચંદ શેઠીયા............કારાઘોઘા
વિભૂતી ચિરાગ કાંતિલાલ ગાલા............છસરા
શીતલ જતીન વલ્લભજી નિસર.વડાલા/અમદાવાદ

**ભાણેજ પુત્ર**
મીત પરાગ માલદે ..........................સાડાઉ

**ભાણેજ પુત્રી-જમાઈ**
CA મૈત્રી CA આદર્શ જયેશ છેડા ...રતાડીયા-ગ.

**ભાણેજ પુત્રી**
રશ્મી ગૌરવ ચંદ્રુવા ........................બગડા

**ભાણેજી પુત્ર-પુત્રી**
વિનોતી, મનન દિલીપ શેઠીયા .........કારાઘોઘા
પ્રાચી ચિરાગ ગાલા .........................છસરા
માહિ, સિધ્ધ જતીન નિસર..વડાલા/અમદાવાદ

**કાકાઈ સાસુ-સસરા**
પાનબાઈ મુરજી લધા સોની...............વડાલા
નાનબાઈ નાનજી લધા સોની..............વડાલા
રતનબેન લાલજી લધા સોની .............વડાલા
કેસરબેન રાઘવજી લધા સોની ............વડાલા

**ફુઈયાઈ સાસુ-સસરા**
નાનબાઈ જાદવજી રવજી છેડા .....રતાડીયા-ગ.
વેલબાઈ ભાણજી હીરજી દેઢિયા..............પત્રી
લક્ષ્મીબેન લાલજી ગગુભાઈ છેડા .........વડાલા

**કાકાઈ જેઠ-જેઠાણી/દેર-દેરાણી**
દેવકાબેન ભાણજી મુરજી સોની............વડાલા
જવેરબેન વસનજી મુરજી સોની............વડાલા
સાકરબેન ચાંપશી નાનજી સોની ..........વડાલા
કંકુબેન કેશવજી નાનજી સોની.............વડાલા
મણીબેન ચુનીલાલ નાનજી સોની .........વડાલા
કંકુબેન માવજી નાનજી સોની ..............વડાલા
ડૉ. વાસંતીબેન એડ. રમેશ લાલજી સોનીવડાલા
કલ્પનાબેન દિપક લાલજી સોની...........વડાલા
લતાબેન રાજેન્દ્ર લાલજી સોની ............વડાલા
નીપાબેન શૈલેષ લાલજી સોની.............વડાલા
રક્ષાબેન ભરત રાઘવજી સોની ............વડાલા
ધીરેન રાઘવજી સોની .......................વડાલા

**કાકાઈ નણંદ-નણંદોઈ**
તેજબાઈ રામજી કચુ ઘરોડ ....................પત્રી
ભાનુમતીબેન વસનજી પત્રામલ ગાલા ....છસરા
ભાવનાબેન અશોક વાલજી નિસર .........વડાલા
વનિતાબેન મલ્લિકા અર્જુન હારઘે ...........મિરજ
મીનાબેન ધીરજ કલ્યાણજી છેડા ........કાંડાગરા

**ફુઈયાઈ જેઠ-જેઠાણી/દેર-દેરાણી**
ધનજી ભાણજી દેઢિયા .........................પત્રી
ભાનુમતીબેન મહેન્દ્ર ભાણજી દેઢિયા .......પત્રી
તારાબેન પ્રવિણ ભાણજી દેઢિયા.............પત્રી
નિર્મળાબેન હસમુખ ભાણજી દેઢિયા .........પત્રી
ભાવનાબેન શાંતિલાલ ભાણજી દેઢિયા .....પત્રી
સરલાબેન ભરત ભાણજી દેઢિયા.............પત્રી
પ્રભાબેન વિસનજી (બચુભાઈ) લાલજી છેડા.વડાલા
ભારતીબેન ઠાકરશી લાલજી છેડા ..........વડાલા
રંજનબેન ચિમનલાલ લાલજી છેડા .......વડાલા

**ફુઈયાઈ નણંદ-નણંદોઈ**
જવેરબેન કુંવરજી ગણપત મારૂ ..........લાખાપર
જ્યોતીબેન છોટાલાલ મેઘજી વિસરીયા.નવાવાસ
કુસુમબેન ચુનીલાલ વસનજી ગડા ...........પત્રી

**મામાઈ સાસુ-સસરા**
કાંતાબેન વેલજી મણશી દેઢિયા ..........ગુંદાલા

**માસીયાઈ સાસુ-સસરા**
મોંઘીબેન કરમશી આણંદ સંગોઈ.........કપાયા

**મામાઈ જેઠ-જેઠાણી/દેર-દેરાણી**
અનુસુયાબેન મહેન્દ્ર વેલજી દેઢિયા ........ગુંદાલા
દક્ષાબેન લક્ષ્મીચંદ વેલજી દેઢિયા..........ગુંદાલા
ચેતનાબેન વિજય વેલજી દેઢિયા...........ગુંદાલા
ચેતનાબેન દિનેશ વેલજી દેઢિયા...........ગુંદાલા

**મામાઈ નણંદ-નણંદોઈ**
દીનાબેન હિતેષ પ્રેમજી મારૂ ...............પુનડી
વનિતાબેન શૈલેશ રતનશી ગડા ...........કોડાય

**માસીયાઈ દેર-દેરાણી**
અરૂણાબેન મનસુખ કરમશી સંગોઈ......કપાયા

**માસીયાઈ નણંદ-નણંદોઈ**
લક્ષ્મીબેન રતનશી દેરાજ ઘરોડ..............પત્રી
મણીબેન હીરજી દેવજી મામણીયા ........કુંદરોડી
પુષ્પાબેન ચંદ્રકાંત પોપટલાલ સાવલા ...ગુંદાલા

**ભાણેજ-ભાણેજવહુ**
ગીતા મુકુંદ રતીલાલ ગંગર..............નાગલપુર

**ભાણેજ પુત્ર-પુત્રવધુ**
ઈશિતા રિધમ મુકુંદ ગંગર...............નાગલપુર

**ભાણેજ પુત્રી-જમાઈ**
જીલ શૌર્ય શાંતિલાલ દેઢિયા ...............ગોધરા

**ભાણેજ પૌત્રી**
કાશ્વી રિધમ મુકુંદ ગંગર................નાગલપુર

**ફુઈ-ફુઆ**
વેલબાઈ ખીમજી થોભણ ગડા......મોટા લાયજા
ખેતબાઈ શામજી દેવજી સાવલા ...........ભીંસરા

**ફુઈયાઈ ભાઈ-ભાભી**
પ્રભાબેન શાંતિલાલ ખીમજી ગડા ..મોટા લાયજા
વિમળાબેન નવિન ખીમજી ગડા....મોટા લાયજા
જયાબેન નેમચંદ ખીમજી ગડા
..........................મોટા લાયજા/વડોદરા
પ્રેમીલાબેન તારાચંદ શામજી સાવલા.....ભીંસરા
લીનાબેન અશોક શામજી સાવલા .........ભીંસરા
શિલ્પાબેન જયેશ શામજી સાવલા.........ભીંસરા
પ્રીતીબેન વિજય શામજી સાવલા..........ભીંસરા

**ફુઈયાઈ બેન-બનેવી**
લક્ષ્મીબેન માવજી ધારસી કુરિયા..મેરાઉ/અમદાવાદ
ચંચળબેન જગશી જેઠાભાઈ છેડા...મોટા લાયજા
લીલાબેન નવિનચંદ્ર વેરશી હરીયા .બાડા/અમદાવાદ
દમયંતીબેન મેઘજી કચરા છેડા..લાયજા/અમદાવાદ
સુશીલાબેન જવેરચંદ ધારસી ગાલા ......લાયજા
જયાબેન પ્રફુલ્લ વસનજી ગાલા.......રામાણીયા
રંજનબેન વસંત મુરજી રાંભીયા ...........ગોધરા

**મામા-મામી**
વસનજી મુરજી સાવલા .....................ભીંસરા
ચંચળબેન વેલજી સાવલા ..................ભીંસરા

**મામાઈ ભાઈ-ભાભી**
રક્ષા વિપુલ વેલજી સાવલા .................ભીંસરા

**વેવાણ-વેવાઈ**
ધનવંતીબેન શાંતિલાલ લાલજી મામણીયા .કપાયા
રસીલાબેન મોણશી વેરશી દેઢિયા .......ભુજપુર
લીલાવંતીબેન જાદવજી માવજી કુરિયા ....બિદડા
આયશા હબીબ ખાન ........................મુંબઈ

**પરમ સ્નેહી**
પુષ્પાબેન પ્રવિણ છેડા.......................બિદડા
હંસાબેન લક્ષ્મીચંદ ગલિયા ..................મોખા
હંસાબેન કિશોર ગડા.......................દુર્ગાપુર
પંકજ રમણીકલાલ સાવલા .........નાની તુંબડી
પીનાકિન મહેન્દ્ર ગાંધી .................બોરીવલી
રશ્મીકાંત મગનલાલ ગંગર.................બિદડા
વડાલા સોની નુખના ભાવિકો ............વડાલા
શ્રી ધણીબાવા ભાવિકોનો વિશાળ સમુદાય
..................................ચીંચપોકલી
માટુંગા-B.B. ક.વિ.ઓ. સેવા સમાજ તથા
વડિલે જો મેળાવો.....................માટુંગા-B.B.
ઉર્જા મહિલા મંડળ.....................માટુંગા-B.B.
ધર્મેશ્વર ભુવનના રહેવાસી પરિવારો માટુંગા-B.B.

**ઋણ સ્વીકાર**
કેતન કલ્યાણજી છેડા.........................ડોણ
ભરત પ્રેમજી ગડા ..................નાના ભાડિયા
ડૉ. ભારતીબેન દેસાઈ...............માટુંગા-B.B.

**વિશેષ આભાર**
દાતા પરિવાર : શ્રીમતી બિનાબેન રાજેશ છેડા (JUST IN TIME) ગામ - બિદડાના સ્મરણાર્થે ખારી માની સેવા, અંતિમ વિધીનો સંપૂર્ણ સામાન અને એમ્બ્યુલેન્સ સેવા. સંચાલક : શ્રી ક.વિ.ઓ. દ્રષ્ટિ ફાઉન્ડેશન ફોર ધ બ્લાઈન્ડ

## પ્રાર્થના : 'આજે' રવિવાર, તા. ૨.૩.૨૦૨૫ • સમય : ૪.૦૦ થી ૫.૩૦

**સ્થળ :** શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ સંચાલિત **શ્રી કરસન લધુભાઈ નિસર હોલ** (૧લે માળે), જ્ઞાન મંદિર માર્ગ, **દાદર (વેસ્ટ)**, મુંબઈ-૨૮.

ભક્તિ ગીત : મનોજ કારાણી અને સાથી કલાકારો ◆ લૌકીક વ્યવહાર બંધ છે. ◆ ઘરે આવવાની તસ્દી ન લેવા નમ્ર વિનંતી.

(CLA-23231) નિવાસ : **ચંદ્રકાંત તેજશી સોની** : ધર્મેશ્વર ભુવન, 1લે માળે, બ્લોક નં.3, T.H. કટારીયા માર્ગ, માટુંગા-વેસ્ટ, મુંબઈ-400016.

| હિરેન સોની | પરેન સોની | નિલમ દેઢિયા | નિલેશ દેઢિયા | દીપા કુરિયા | નિલેશ કુરિયા |
|---|---|---|---|---|---|
| મો. 9833615571 | મો. 9819423434 | મો. 8082714349 | મો. 9867547377 | મો. 9702511792 | મો. 8369738076 |

ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડમ્

છગન છેડા : 9322263819

# શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન સંચાલિત
# શ્રીમતી મંજુલાબેન માવજી શેઠિયા પાંજરાપોળ

એડ્રેસ : રૂમ નં.૧૮, ૨-જે માળે, બાલાજી બિલ્ડીંગ નં.૨, માધવવાડી, કૈલાશ લસ્સીની સામે, એમ.એમ.જી.એસ.રોડ.
દાદર (ઈ), મું-૧૪. ફોન નં. : ૯૩૨૬૨૩૯૯૬૩, ૯૭૬૯૩૬૮૪૭૪ • kutchvadalamm@gmail.com

## વાર્ષિક પ્રવૃતિઓ :

- પાંજરાપોળ
- શૈક્ષણીક સહાય
- દૂધ વિતરણ સબસીડી
- ડોકટરની વ્યવસ્થા(કચ્છ ખાતે)
- કુતરાના રોટલા
- મેડીકલ (સંજીવની) સહાય
- પશુઓ માટે લાપશી યોજના
- માનવરાહત
- પક્ષીઓને ચણ
- માનવરાહત કીટ અને ફ્રી ટીફીન (કચ્છ ખાતે)



**ધનના ભંડાર ગમે તેટલા મોટા હોય પણ એમાંથી એક પાઈ પણ સાથે નથી આવવાની. એજ ધનને દાન સ્વરૂપે વાપરીશું તો તેનું પુણ્ય ભવોભવ સાથે આવશે. આવું પુણ્યનું ભાથું બાંધનાર સર્વે દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના...**

## સંસ્થાને નીચેના મહાનુભાવો દ્વારા અનુમોદનીય અનુદાન મળેલ છે.

| | |
|---|---|
| ૩૧,૦૦૦/- | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - વાશી સેકટર-૧૪. |
| ૩૦,૦૦૦/- | શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વિલેપાર્લા (ઈ). |
| ૧૫,૦૦૦/- | શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ - સાયન (વેસ્ટ). |
| ૧૧,૦૦૦/- | શ્રી તારદેવ કચ્છી વિશા ઓસવાલ જૈન સંઘ-તારદેવ. |
| ૧૧,૦૦૦/- | શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સમિતિ ટ્રસ્ટ, પારસી કોલોની, દાદર (ઈ). |
| ૧૧,૦૦૦/- | ડૉ. રતિલાલ એચ. વોરા, દફતરી રોડ, મલાડ (ઈ). |
| ૧૦,૦૦૦/- | હેમલતા ઈન્વેસેટમેન્ટ પ્રા.લિ., વિલેપાર્લા (વે). |
| ૧૦,૦૦૦/- | ગોરેગાવ સ્થાનકવાસી જૈન સંઘ, ગોરેગાવ (વે). |
| ૧૦,૦૦૦/- | શ્રી કાંદિવલી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ, કાંદિવલી (વે) |
| ૧૦,૦૦૦/- | ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી (ઈ). |
| ૯,૦૦૦/- | શ્રી રણશીભાઈ લખમશી શાહ (બાબાભાઈ) ના ૯૦માં જન્મદિવસ નિમિત્તે, હ. કાકુભાઈ વિશા ટ્રાન્સપોર્ટ કાું. |
| ૬,૦૦૦/- | ગોરેગાવ સ્થાનકવાસી જૈન સંઘ, ગોરેગાવ (વે). |
| ૫,૦૦૦/- | શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સંઘ, અંબરનાથ (ઈ). |
| ૫,૦૦૦/- | શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ, માટુંગા (સે.રે.). |
| ૫,૦૦૦/- | સ્વ. પિતાશ્રી ડાહ્યાલાલ શંભુલાલ વાલજી ગાલાની ૪ થી પુણ્યતિથિ નિમિત્તે, હ. ઉર્મિ અને કવિર નિકુલ અરવિંદ ગાલા, ગામ લાકડીયા હાલે બાંદ્રા (લાપસી યોજના). |
| ૫,૦૦૦/- | શ્રી વાગડ વિશા ઓસવાળ મુર્તિપૂજક સંઘ, ગોરેગાવ (વે). |
| ૫,૦૦૦/- | શ્રી આણંદજીભાઈ ખેરાજ છાડવા પરિવાર તરફથી ગામ લાકડીયા હાલે બોરીવલી. |
| ૫,૦૦૦/- | દેશલપુર કંઠી સ્થાને બિરાજમાન શ્રી રૂપાંદે માતાજીની સવંત ૨૦૭૯/૮૦ ના સમુહ જુહાર નિમિત્તે. |
| ૫,૦૦૦/- | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, કાંદિવલી (વે). |
| ૫,૦૦૦/- | શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ, સાંતાક્રુઝ (ઈ). |
| ૫,૦૦૦/- | માતુશ્રી તેજબાઈ વરજાંગ ગાલા સમસ્ત પરિવાર ગામ પત્રી હાલે મલાડ, હ. શ્રી રામજીભાઈ વરજાંગ ગાલા. |
| ૫,૦૦૦/- | શ્રી કોટ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, બજારગેટ. |
| ૫,૦૦૦/- | લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ.સૃષ્ટિબાઈ મહાસતિજી ના સંયમયાત્રાના ૨૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે, હ. શ્રીમતી લીલાવંતીબેન વસનજી કેશવજી છેડા ગામ - વાંકી, હાલે મીરારોડ. |
| ૫,૦૦૦/- | માતુશ્રી મણીબેન દામજી લાપસીયાની પુણ્યતિથિ નિમિત્તે હ. શ્રી જયંતિલાલભાઈ દામજી લાપસીયા, ગામ - મોખા, હાલે મુલુંડ. |
| ૩,૫૦૦/- | શ્રી ભોગીલાલભાઈ લહેરચંદ ફાઉન્ડેશન. |
| ૩,૦૦૦/- | ગામ નાના ભાડીયા મધ્યે સચ્ચા માતાજીની પેટીમાં જમા થયેલ અનુદાન રકમ, હ. ગડા નુખના ભાવિકો તરફથી. |
| ૩,૦૦૦/- | શ્રી ગોરેગાવ અચલગચ્છ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ, ગોરેગાવ (વે). |
| ૨,૫૦૦/- | માતુશ્રી શાંતાબેન સુંદરજી ભેદા, હ. શ્રી દિલીપભાઈ મોરારજી ગાલા, ગામ- ભુજપુર, હાલે વાશી. |
| ૨,૧૦૦/- | શ્રી મુરજીભાઈ (બબ્બાભાઈ) રવજી ગાલાના સ્મરણાર્થે, હ.મહેશ ટેક્ષટાઈલ્સ, ગામ- મો.આસંબિયા, હાલે માટુંગા |
| ૧,૧૧૧/- | મે. નિલેશકુમાર શામજી એન્ડ કાું, ભાતબજાર. |
| ૧,૧૦૦/- | શ્રીમતી અલ્કાબેન કૈલાશભાઈ ગાલાના સ્મરણાર્થે. |
| ૧,૦૦૦/- | નેહા, રિદ્ધિ, મૈત્રી, મિનાક્ષી કિરણ મગનલાલ દેઢિયા ગામ- પ્રાગપુર હાલે ડોંબિવલી. |
| ૧,૦૦૦/- | શ્રી સુમતિનાથ ભગવાન ગૃહ જિનાલય, સાંતાક્રુઝ (વે) હ. શ્રી સુભાષભાઈ અને મહેન્દ્રભાઈ. |
| ૧,૦૦૦/- | શ્રી આગ્રીપાડા જૈન મિત્ર મંડળ, આગ્રીપાડા. |

(*1742)

Bank Account Details : **SHREE KUTCH VADALA MUMBAI MAHAJAN**

Axis Bank A/c No. 124010100221191
MICR Code : 400211017
IFSC Code : UTIB0000124
Branch : Dadar T,T,

**સંસ્થાને આપેલ અનુદાન ૮૦જી હેઠળ કર રાહતને પાત્ર છે.**

**લિ. શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કારોબારી સભ્યો**

Ketan Maru 9874887387

# બિદડા ગામનું ગૌરવ, છેડા પરિવારની શાન
## બિદડાની પ્રથમ Actuary




અ.સૌ. બીના અને જતિન છેડાની સુપુત્રી

**ચિ. આર્યા** ની અપ્રતિમ સિધ્ધિ

માત્ર ૨૪ વર્ષની વયે

"IBR Achiever" by the

## INDIA BOOK OF RECORDS

**Fellow Actuary** (FIA C. Act)

Chartered Enterprise Risk Actuary (CERA) from IFOA, UK

### Academic Excellence-શૈક્ષણિક સફળતાની ઝલક

**10th, Walsingham House School, 2016**
97%, 3rd Rank in School

**12th, H.R. College, 2018**
94%, 10th Rank in College, 100/100 in Mathematics

**B.Com, H.R. College, 2021**
9.77/10, 4th Rank in College

### Other Achievements - અન્ય સિધ્ધિઓ

- Nenshi Manek Furia Shield Award - Highest Academic Achievements In Bidada (3 Consecutive years; 10th, 12th, B.Com)
- KVO Seva Samaj Shrut Gun Gaurav Award: 2018, 2021
- BCSMA Winner - MMSDKKF(2018)
- DDKF LNMA Runner Up (2018) - Top 10
- Volunteer at DDKF (2016-2021) - Advancing Education

### Work Experience - કાર્યક્ષેત્રે સફળતાના સોપાન

Currently Working at
Aditya Birla Sun Life Insurance Company Limited
(specialising in Asset-Liability Management, Finance and Investment Strategies).
Ex-Deloitte - Risk Advisory, Financial Risk.

અમારા સહુની લાડકવાઈ ચિ. આર્યા એ Fellow Actuary ની ઉચ્ચતમ ડીગ્રી પામી India Book of Record માં સ્થાન પામી માતા-પિતા અને પરિવારનું મસ્તક ગૌરવથી ઉંચું કર્યું એ બદલ ચિ. આર્યા ને ખૂબ ખૂબ અભિનંદન સાથે ભવિષ્યની ઉત્તમ કારકિંદી માટે અગણિત શુભેચ્છાઓ.

**ચિ. આર્યાની સફળતામાં સહયોગી થનાર દરેકનો અંતકરણપૂર્વક આભાર...**

**દાદાણા પરિવાર**

**દાદા-દાદી:** માતુશ્રી પ્રભાબેન જયંતિલાલ રામજી છેડા - બિદડા
**મોટા મમ્મી-પપ્પા:** ગીતા અને અનિલ જયંતિલાલ છેડા (દિશા-શુભ)-બિદડા
**ફુઈ-ફુઆ:** અલ્કા અને વિજય ધનજી હરિયા (ધરા) - હાલાપુર
**બહેન-બનેવી:** પંક્તિ કેવલ દિનેશ દેઢિયા -પુનડી

**નાનાણા પરિવાર**

**નાના-નાની:** માતુશ્રી રૂક્ષ્મણીબેન લહેરચંદ ચાંપશી મારૂ-નાના ભાડિયા
**મામા-મામી:** ફાલ્ગુની અને મયુર લહેરચંદ મારૂ (પ્રિયલ-પર્વ)-નાના ભાડિયા
**માસા-માસી:** દર્શના અને તેજસ જગદીશ શાહ (આયુષી)-મુંબઈ

આર્યા - 81088 51234 ♦ બીના - 98202 59999 ♦ જતિન - 87795 95448

(CLC-23220)

**ANIL STORES - NEPEANSEA ROAD**

DEV GRAPHICS - 9323 84 2828

# કચ્છ યુવક સંઘ ડોંબિવલી શાખા દ્વારા

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

૧૬ વર્ષથી ઉપરની યુવતીઓ અને મહિલાઓ માટે

8 MARCH

એક નોખું - અનોખું શાનદાર કાર્યક્રમ

**A Dazzling Eve...(એક ચમકતી સાંજ)**

**Fun fest for females**

તો તૈયાર રહેજો રમવા અવનવી ગેમ્સ સાથે
મોજ , મસ્તી , ધમાલ માટે
બધા મળીને કરશું ફન, મસ્તીમાં ઉમેરાશે નવા રંગ

**Host : Saraswati Arts ( Vidhya Chheda - Kandagara/Ghatkopar )**

**સહયોગી દાતા :**
**શ્રીમતી તેજલબેન દિપેશભાઈ મહેતા**

**અતિથિ વિશેષ :**
**શ્રીમતી ચંદનબેન મનીષભાઈ રતિલાલ છેડા**
(ગોધરો / ડોંબિવલી)
**શ્રીમતી હેતલબેન હિરેનભાઈ જેન્તીલાલ કેનીયા**
(બારોઈ) / ડોંબિવલી)

શનિવાર, ૮ માર્ચ ૨૫

બપોરે ૩.૩૦ વાગ્યાથી

**રોયલ ટર્ફ**
સ્વામી સમર્થ મઠની બાજુમાં,
નાંદીવલી રોડ, ડોંબિવલી (પૂર્વ)

ચાર્જ : વ્યક્તિ દીઠ રૂ.૨૦૦/-

**ખાસ આકર્ષણ**
(૧) વેલકમ ડ્રીંક
(૨) દરેક મહિલાઓ માટે ગિફ્ટ હેમ્પર
(૩) વિજેતાઓ ને ઇનામો ની વણઝાર
(૪) ચોવીહાર અને અલ્પાહારની વ્યવસ્થા

વહેલો તે પહેલો ના ધોરણે રજીસ્ટ્રેશન કરાવી આ ધમાકેદાર પ્રોગ્રામ ની મોજ માણો.

રજીસ્ટ્રેશન મંગળવાર તા.૪ માર્ચ, સમય : સાંજના ૫ થી ૭

રજીસ્ટ્રેશન સ્થળ (૧) :
**મિલાપ એસ્ટેટ**
શિવાજંલી ધામ, ચિતરંજનદાસ રોડ,
રામનગર, ડોંબિવલી (પૂર્વ)

રજીસ્ટ્રેશન સ્થળ (૨) :
**ભા.જ.પ. કાર્યાલય**
નવનીત નગરની સામે, લોઢા હેરીટેજ
ડોંબિવલી (પૂર્વ)

પ્રોગ્રામ કન્વીનર્સ :
ધરતી ગડા 8976212170 • કિંજલ નિસર 9619586213 • અંજના ગોસર 9702342888

**: આગામી કાર્યક્રમો :**
રવિવાર, ૨૩ માર્ચ - પિકલ બોલ ટુર્નામેન્ટ (રીજેન્સી અનંતમ, ડોંબિવલી પૂર્વ)
૫૦મી મેગા રક્તદાન શિબિર (સુવર્ણ જયંતિ)
રવિવાર, ૧૩ એપ્રિલ - કે બી વીરા સ્કૂલ, ડોંબિવલી (પૂર્વ)
રવિવાર, 20 એપ્રિલ - નવનીત નગર, ડોંબિવલી (પૂર્વ)

સંયોજક : પંકજ ચાંપશી કારાણી (ડુમરા) સહ-સંયોજક : અમીષ નાનજી કેનીયા (બારોઈ)

પ્રમુખ : રાહુલ ચંદ્રકાન્ત દેઢીયા (પુનડી) • મેને. ટ્રસ્ટી : હેમંત રવજી કારાણી (હાલાપુર)

(*1743)

DARSHAK ESTD 1972

JCA JAYANT CHHEDA & ASSOCIATES
Architects & Interior Designers
jcastudio@gmail.com | jcaarchitects.in

Jayant Chheda
Urmila Chheda
Vikesh Chheda
Jesal Chheda
Halapur

Ketan Maru 9874887387



# નાગલપુર : ગંગર પરિવાર દ્વારા

## હેતવત્સલ બહેન/માસીને અશ્રુભીની સ્નેહાંજલિ



# શ્રીમતી દમયંતીબેન ચંદ્રકાંત તેજશી સોની

**કચ્છ : વડાલા • મુંબઈ : માટુંગા-B.B.**

**અરિહંતશરણ : તા. ૨૭.૨.૨૦૨૫**

ન સમજાય, ન સહેવાય એવી ઘટના બની ગઈ.
કોઈ પણ સંકેત વિના, સ્નેહ-સરિતારૂપી બહેન / માસી
અનંતની યાત્રાએ પ્રયાણ આદર્યું.
મન શાંત, મુખે સદાય સ્મિતનો શણગાર.
સગાં-સંબંધી સ્વજનો સાથે મધમીઠો વહેવાર.
નાના-મોટા સહુને માટે આદર ને આવકાર
અમ હૈયે સ્મૃતિઓ તમારી રહેશે સદાકાળ.
હે પ્રભુ ! દિવંગતશ્રીના આત્માને આપજો શાશ્વત સુખ અને
પરમ શાંતિ એજ પ્રાર્થના અમારી.

લિ. શોકમગ્ન : બહેન પરિવાર

**માતુશ્રી વિમળાબેન રતીલાલ શીવજી ગંગર**
**નાગલપુર ❑ લાલબાગ**

ભાણેજ-ભાણેજવહુ :
**શ્રીમતી ગીતા મુકુંદ રતીલાલ ગંગર ❑ નાગલપુર**

ભાણેજ પુત્ર-પુત્રવધુ - પૌત્રી :
**અ.સૌ. ઈશિતા રિધમ મુકુંદ ગંગર • ચિ. કાશ્વી**

ભાણેજ પુત્રી-જમાઈ :
**અ.સૌ. જીલ શૌર્ય શાંતિલાલ દેઢિયા ❑ ગોધરા**

(CLC-23232)

ફાગણ છેડા • 9322263819

શુભ પ્રેરણા-શુભ આશિષ :
શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

# શ્રી ગઢસીસા પાંજરાપોળ

## શ્રી જીવદયા ઘાસચારા માટે રૂા. ૧,૦૮,૦૦૦/-



## નું અનુદાન આપનાર લાખેણા દાતા પરિવારને અભિનંદન...

# અ.સૌ. અમૃતબેન કલ્યાણજી રાંભીયા

## ના સ્મરણાર્થે

### હસ્તેઃ "નેમ કલ્યાણ" પરિવાર (નાનાભાડિયા-વિલેપાર્લે)

કચ્છની શાન ગૌધનને બચાવવા, જીવદયાને વાચા આપવા તથા કચ્છ ભૂમીનો ગૌરવ વધારવા કરેલ પ્રયાસોની સંસ્થા ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

લાખેણા દાતા યોજનામાં લાભ લેનાર દાતાશ્રીને કાયમી ટ્રસ્ટી સભ્યપદ તથા ૧ ફોટો યોજનામાં લાભ આપવામાં આવશે.

**પાંજરાપોળની વિવિધલક્ષી યોજના યુનિટો પ્રમાણે**

- લાખેણા દાતા યોજના : રૂા. ૧,૦૫,૦૦૦/-
- આજીવન સભ્યપદ : રૂા. ૫૧,૦૦૦/-
- ગાય દત્તક યોજના : રૂા. ૨૫,૦૦૦/-
- ફોટા યોજના : રૂા. ૩૧,૦૦૦/-
- નિરણ યોજના ૧ ગાડી : રૂા. ૪,૧૦૦/-

લિ. અધિકારીઓ/ટ્રસ્ટીઓ

**શ્રી ગઢસીસા જીવસુરક્ષા જૈન ચેરિટેબલ અને રિસર્ચ ટ્રસ્ટ સંચાલિત**
માતુશ્રી સુંદરબેન મણશી શીવજી વિછીવોરા (કોટડા રોહા) અને માતુશ્રી સુંદરબેન સુંદરજી રવજી દેઢીયા (ગઢસીસા)

## પાંજરાપોળ ગૌશાળા - ગઢસીસા (કચ્છ)

(CLB-23222)

મુંબઈ કાર્યાલયઃ શેઠશ્રી પ્રફુલ ભાણજી પાસડ કાર્યાલયઃ ૩૦૮, લક્ષ્મી સદન, ઝવેર રોડ, રેલ્વે ક્રોસીંગ સાઈડ, મુલુન્ડ (વે.), મુંબઈ-૮૦. મો.: 7666122218 ફોનઃ 25622218
સ્થાનિક કાર્યાલયઃ શ્રી ગઢસીસા પાંજરાપોળ ઓફીસ, ગઢસીસા-માંડવી હાઈવે, ગઢસીસા. ફોનઃ ૦૯૪૨૮૬૮૨૫૩૯

UPASANA - 9820167767

# શ્રી સમાઘોઘા છ કોટી સ્થાનકવાસી જૈન સંઘ

સંપીલા અને સોહામણા એવા સમાઘોઘા ગામમાં વિ. સં. ૨૦૮૦ના ચાર્તુમાસ બાદ

## "શેષકાળ પ્રવેશ"



શેષકાળમાં શ્રીસંઘમાં લીંબડી અજરામર સંપ્રદાયના પરમ પૂજ્ય ગચ્છાધિપતિ
આચાર્ય ભગવંત **શ્રી ભાવચંદ્રજી સ્વામી** ના આજ્ઞાનુવર્તી
મહારાજ સાહેબ અને મહાસતીજીઓ
તા. ૦૬.૦૩.૨૦૨૫ થી તા. ૨૦.૦૩.૨૦૨૫ના સમય દરમ્યાન સંઘમાં નિશ્રા આપશે.

**મળેલ પૂજ્ય સંત-સતીજીઓના અમૂલ્ય જોગમાં શ્રાવક-શ્રાવિકાઓએ લાભ લેવા વિનંતી**

- પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પૂ. ડૉ. શ્રી ચિંતનચંદ્રજી સ્વામી, નવદીક્ષિત શ્રી વર્ધમાનસ્વામી આદિ ઠાણા - ૪ તથા પૂ. શ્રી તરલાજી આર્યાજી, પૂ. શ્રી કોમલજી આર્યાજી, પૂ. શ્રી તેજસજી આર્યાજી આદિ ઠાણાઓ તા. ૦૮/૦૩/૨૦૨૫, ફાગણ સુદ-૯, શનિવારના શ્રી સંઘમાં પધારશે.
- પૂ. નિત્ય તપસ્વીની શ્રી અંજનાજી આર્યાજી (સમાઘોઘા), પૂ. શ્રી પીયૂષાજી આર્યાજી, પૂ.શ્રી કવિતાજી આર્યાજી, પૂ. શ્રી અતુલાજી આર્યાજી આદિ ઠાણા સમાઘોઘા છ કોટિ સંઘમાં બિરાજમાન છે.
- પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ભાવચંદ્રજી સ્વામી, પૂ. છોટે ગુરુદેવશ્રી વિમલચંદ્રજી સ્વામી આદિ ઠાણા-૪ તા. ૧૫/૦૩/૨૦૨૫ના સમાઘોઘા પધારશે અને તા. ૨૦/૦૩/૨૦૨૫ સુધી સ્થિરતા કરશે.

**આ શેષકાળને દિપાવવા માટે શ્રીસંઘ રૂપે ગામવાસીઓ અને નિયાણી બહેનો મુંબઈ થી સમાઘોઘા સ્થાનિકે**
**તા.૦૫.૦૩.૨૦૨૫ નાં ટ્રેન નં. ૨૦૯૦૭ સયાજીનગરી એકસપ્રેસ દ્વારા જવાનું રાખેલ છે.**
**આ શેષકાળ દરમ્યાન વધુ ને વધુ સંખ્યામાં ગામવાસીઓએ પધારીને લાભ લેવા વિનંતી.**

આ શેષકાળમાં જવા માટે ઉપરોક્ત ટ્રેનની ટિકિટ કઢાવી હોય તેમણે પોતાના નામ કારોબારી સભ્ય શ્રી અજય કુંવરજી રાંભિયા - મો. 9769453356ને તા.૦૩.૦૩.૨૦૨૫ સુધી જાણ કરવા વિનંતી જેથી કરીને ગાંધીધામ થી સમાઘોઘા જવાની અને ટ્રેનમાં સાંજના ડીનર બોકસની વ્યવસ્થા થઈ શકે.
આ શેષકાળમાં મુંબઈ થી સમાઘોઘા જવાની ટિકિટના પૈસા સ્લીપર કલાસના હિસાબે સંઘની ઓફિસથી સમાઘોઘા સ્થાનિકે આપવામાં આવશે.

શેષકાળ સમય દરમ્યાન તા. ૦૬.૦૩.૨૦૨૫ થી તા. ૨૨.૦૩.૨૦૨૫ સુધી રોજ મહાજનવાસીઓની સવાર અને સાંજની સાધર્મિક ભક્તિ શ્રી સંઘ તરફથી રહેશે. આ સમય દરમ્યાન જેમનાં રોજ ટિફિન જાય છે તેમને જ આપવામાં આવશે અને બીજાને કારણ વગર ટિફિન આપવામાં આવશે નહિ તેમણે સંઘના રસોડે આવી ને જ વાપરવું પડશે.

**સમાઘોઘા જવા માટે ટ્રેનના ડબ્બાના દાતા (નકરો રૂ. ૩૧,૦૦૦/-)**

અ.સૌ. શૈલાબેન હિરેન રામજી હંસરાજ ગાલા

**ટ્રેનમાં સાંજના ડીનર બોકસના દાતા પરિવાર**

માતુશ્રી પાનબાઈ ટોકરશી છેડા હ. ચિ. વીર કિરણ નેહલ છેડા

**શેષકાળ દરમ્યાન સાધર્મિક ભક્તિના દાતા (નકરો રૂ. ૧૫,૦૦૦/-)**

- માતુશ્રી લીલાવંતીબેન અમૃતલાલ ભેદા
- શ્રીમતી શૈલાબેન હિરેન રામજી હંસરાજ ગાલા
- એક સદ્‌ગૃહસ્થ તરફથી
- શ્રીમતી જ્યોતિબેન ચુનીલાલ ગાલા
- એક સદ્‌ગૃહસ્થ તરફથી
- માતુશ્રી પુરબાઈ મોરારજી સંગોઈ
- માતુશ્રી લીલાવંતીબેન જયંતીલાલ રાંભિયા
- શ્રીમતી મંજુલાબેન મણીલાલ સંગોઈ
- માતુશ્રી રેખાબેન રમણીકલાલ સંગોઈ
- શ્રીમતી નિર્મળાબેન શાંતીલાલ ગાલા

(CLB-23200)

**શેષકાળ દરમ્યાન પ્રભાવનાના દાતા (નકરો ૧ આની - રૂ. ૨૦૦૦/-)**

**૨ - આની** ❖ શ્રી અશ્વિન અમૃતલાલ ભેદા ❖ માતુશ્રી પુરબાઈ મોરારજી સંગોઈ

**૧ - આની**

- શ્રીમતી મંજુલાબેન મણીલાલ સંગોઈ
- શ્રીમતી જ્યોતિબેન ચુનીલાલ ગાલા
- માતુશ્રી મંજુલાબેન વીરજી સંગોઈ
- માતુશ્રી નિર્મળાબેન પ્રેમજી હંસરાજ ગાલા
- માતુશ્રી નાનબાઈ વસનજી રાંભિયા
- માતુશ્રી પાનબાઈ શામજી રાંભિયા
- માતુશ્રી ઝવેરબેન વસનજી સંગોઈ
- શ્રીમતી હર્ષાબેન પ્રદિપ ગાલા
- માતુશ્રી રતનબેન લાલજી ગંગર હ. નિતિન ગંગર
- માતુશ્રી લક્ષ્મીબેન રામજી વરજાંગ સંગોઈ
- માતુશ્રી કાંતાબેન ભવાનજી ભેદા
- શ્રીમતી લીનાબેન ચેતન સંગોઈ
- શ્રીમતી રંજનબેન રશ્મિકાંત સંગોઈ
- શ્રીમતી શૈલાબેન હિરેન રામજી ગાલા
- માતુશ્રી આશાબેન અમૃતલાલ સંગોઈ
- માતુશ્રી કુંવરબેન સોજપાર સંગોઈ હ. હરેશ (રાજકોટ)
- શ્રી કાનજીભાઈ સોજપાર સંગોઈ હ. હરેશ (રાજકોટ)
- માતુશ્રી શાંતાબેન કાનજી સંગોઈ હ. હરેશ (રાજકોટ)
- માતુશ્રી ભારતીબેન કાનજી સંગોઈ હ. હરેશ (રાજકોટ)
- શ્રી રાજેશભાઈ કાનજી સંગોઈ હ. હરેશ (રાજકોટ)
- ચિ. ચિરાગ હિરેન રામજી ગાલા
- ચિ. ચાંદની હિરેન રામજી ગાલા

જેમની પાસે સં.૨૦૭૯ના ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે ઘડી આપેલ છે તે સાથે લઈ આવવા વિનંતી.

લિ. શ્રી સમાઘોઘા છ કોટી સ્થા.જૈન સંઘ

GALA RINKAL : 9870834031

# શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-દાદર (વે.)

સંચાલિત

## શ્રી કરશન લધુભાઇ નિસર જૈન ધર્મસ્થાનક ♦ શ્રી નવનીત જૈન હેલ્થ સેન્ટર

પી.ટી. રજીસ્ટર નં. એ. ૮૦૦ (બી). ૧૨, જ્ઞાન મંદિર રોડ, દાદર (વે.), મુંબઇ-૪૦૦૦૨૮.

Tel. 022 2438 2124 / 5 ♦ Email: jhcdadar@gmail.com ♦ Website: navneetjhc.com.

**સકારાત્મક સંગઠનના સારથીઓ**

**ચેરમેન - ટ્રસ્ટી**
શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ

**મેનેજીંગ ટ્રસ્ટી**
શ્રી અનિલ ટોકરશી ધરોડ

**પ્રમુખ - ટ્રસ્ટી**
શ્રી રામજી ડાયાલાલ ગાલા

**ઉપ-પ્રમુખ**
શ્રી જાદવજી દેરાજ છેડા

**ટ્રસ્ટીઓ**
- શ્રી વિશનજી હરશી સંગોઈ
- શ્રી બાબુભાઈ ભવાનજી છેડા
- શ્રી ધીરજ શામજી વીરા
- Dr. શ્રી પ્રકાશ દામજી ગડા
- Adv. શ્રી ગિરીશ ખીમજી શાહ

**ટ્રસ્ટી-ખજાનચી**
- CA શ્રી પરેશ ખીમજી વોરા

**માનદ્ મંત્રીઓ**
- શ્રી કમલેશ મગનલાલ દેઢિયા
- શ્રી કેતન દેવજી સંઘવી
- શ્રી પ્રવિણ કરમણ ગાલા
- શ્રી કિશોર ખેરાજ ગડા

**સહ-ખજાનચી**
શ્રી મુકેશ બાબુલાલ શાહ

**કારોબારી સમિતિ**
- શ્રી જગદીશ ખીમજી દેઢીયા
- શ્રી મહેન્દ્ર વસનજી ધરોડ
- શ્રી વિરજી દેવશી ખીરાણી
- શ્રી શાંતિલાલ વીરમ રીટા
- શ્રી ધીરજ ખીમજી મહેતા
- શ્રી રમણીક લાલજી સંગોઈ
- શ્રી સમીર વસનજી સંગોઈ
- શ્રી સુનિલ દામજી શાહ
- શ્રી જીતેન્દ્ર દેવશી ખીરાણી
- શ્રી ચેતન રાઘવજી સંગોઈ
- શ્રી પરાગ શશીકાંત વોરા
- શ્રી કિરણ નાનજી મારૂ




# શ્રી ખેતશી રતનશી ગડા જૈન પાઠસાળા

- ♦ પાઠશાળામાં પ્રવેશ ઉંમર સાડા ત્રણ વર્ષથી
- ♦ હાલમાં પાઠશાળાના બાળકોની સંખ્યા ૧૨૦
- ♦ રોજની પ્રભાવના/ગીફ્ટ આપવામાં આવે છે.
- ♦ વર્ષમાં એક નાની અને એક મોટી પિકનીક

**પાઠશાળાનો સમય**
સોમવાર થી શુક્રવાર
સાંજના ૭ થી ૮

## અભ્યાસ - એકટીવીટી

- સામાયિક, પ્રતિક્રમણ, શ્રેણીનો અભ્યાસ વગેરે...
- ધાર્મિક જનરલ જ્ઞાન, ધાર્મિક ગેમ, ધાર્મિક પ્રશ્ન મંચ વગેરે
- ધાર્મિક સ્ટોરી, એકપાત્રી નાટ્ય જેવી વિવિધ એકટીવીટી
- પર્યુષણ, આઠમ, પાંખી, ઓળીમાં પ્રતિક્રમણ કરાવવામાં આવે છે અને તે બાળકો દ્વારા જ બોલાવાય છે.
- પર્યુષણ દરમ્યાન પ્રતિક્રમણ બોલાવવા બાળકો બહાર પણ જાય છે.
- પર્યુષણમાં બાળકો દ્વારા ધાર્મિક નાટક આદિ વિવિધ કાર્યક્રમોની રજુઆત કરવામાં આવે છે.
- પાઠશાળા દરમ્યાન બાળકોને સંવરના પચ્ચખાણ કરાવવામાં આવે છે.
- પાઠશાળાના બાળકોને સંઘમાં બિરાજમાન સાધુ-સાધ્વીજીના દર્શન-વંદન કરાવી માંગલિક સંભળાવવામાં આવે છે.

Jain Pathshala

"પાઠશાળા છે સંસ્કાર શાળા", એમાં બાળકોનું જીવન ઘડતર થાય છે. પાઠશાળાના સંસ્કારોથી બાળકો આદર્શ શ્રાવક-શ્રાવિકા બને છે. માટે આપ આપના બાળકોને જરૂરથી પાઠશાળામાં મોકલશો.

**સંપર્ક: કિરણબેન: 98673 36252, ચેતનાબેન: 95944 78677**

**લી. ટ્રસ્ટીઓ, અધિકારીઓ, કારોબારી સભ્યો**

(*1746)

DEV GRAPHICS - 9323 84 2828

# શ્રધ્ધાસુમન...

**મારો વ્હાલો વીરો ભાઈશ્રી વસનજી હરીયા અનંતની વાટે પ્રયાણ...**
**બેન હેમલતા માટે વીરાની વસમી બની વાટડી...**
**ભાણેજ દિપા-હેમંત અને ભાણેજી દિપ્તી-હિતેશ માટે સુનું થયું મોસાળ...**

જે ઉગ્યું તે આથમે,
ફુલ્યું તે કરમાય,
ક્રમ એવો અવિનાશનો
જે જાયું તે જાય...



જેમ ગોળ વિના
મોળો કંસાર,
તેમ વિરા વિના
સુનો બન્યો સંસાર...

ગામઃ શેરડી

હાલેઃ ખાર/મુલુંડ

## શ્રી વસનજી હિરજી કુરપાર હરીયા

"ભાઈ અને બહેનનો સંબંધ એ ભારતીય સંસ્કૃતી પ્રેમની સિમાચિન્હ પરીભાષા"
લીલી હોજો લીંબડી, શીતળ હોજો છાંય, બંધુ હોજો બોલણા તોય પોતાની માય...

ગામ શેરડી (ખાર-મુલુંડ) નિવાસી ભાઈ વસનજી હિરજી કુરપાર હરીયાની વસમી વિદાયથી બેન બની નોંધારી.
